# પંછી

**• દિવ્ય આશીર્વાદ •**

સચ્ચરિત્ર ચુડામણી, કર્મ સાહિત્ય નિષ્ણાંત, સિદ્ધાંતમહોદધિ પૂ.આ. **પ્રેમસૂરીશ્વરજી**

સિદ્ધાંતદિવાકર ગચ્છાધિપતિ પૂ.આ. **જયઘોષસૂરીશ્વરજી** મ.સા.

યુગપ્રધાનઆચાર્યસમ શાસન પ્રભાવક ગુરૂદેવ પ.પૂ. **ચંદ્રશેખરવિજયજી** મ.સા.

**• નિશ્રાદાતા •**

પ્રશાંતમૂર્તિ સરલસ્વભાવી પ.પૂ. ગચ્છાધિપતિ આ. **શ્રી રાજેન્દ્રસૂરીશ્વરજી મ.સા.**

સરળસ્વભાવી પ.પૂ.આ. **શ્રી હંસકીર્તિસૂરીશ્વરજી મ.સા.**

**• લેખક •**

**મુનિરાજ શ્રી ગુણહંસવિજયજી મ.સા.**

**• પ્રકાશક •**

**કમલ પ્રકાશન ટ્રસ્ટ**

૧૦૨-એ, ચંદનબાળા કોમ્પલેક્ષ, આનંદ નગર પોસ્ટ ઓફિસ સામે, ભઠ્ઠા, પાલડી, અમદાવાદ-૭. **ટેલિ. : ૦૭૯-૨૬૬૦૫૩૫૫**

अर्हं नमः

स्वामी नारायण संप्रदाय के किसी संतने बनाया हुआ यह गीत!
श्री जयदीपजी स्वादियाने गाया हुआ यह गीत!
आत्मा और शरीर के भेद की बात करता हुआ यह गीत!
मैंने तो सिर्फ विवेचन किया है....
यह पढकर सब भेदज्ञान को प्राप्त करे....
आझाद पंछी बने इतनी तमन्ना

युगप्रधानाचार्यसम
पू. पं. श्री चन्द्रशेखरविजयजी का शिष्य
ગુણહંસવિજય

ता. २१ - १० - 2021
ચુંદર.

5000 નકલ

SONG SANG BY
JAYDEEP SWADIA

• પ્રાપ્તિસ્થાન •

Pratikbhai Shah
M. 9323229655


Tite Design By: Swarnim Jain M. 863 743 8961 - Laksh Jain M. 81488 36505

• ટાઈપ સેટિંગ-મુદ્રકઃ **ક્રિએટીવ પ્રકાશન**, 'વિનય', ૨/૫, જાગનાથ કોર્નર, ડૉ. યાજ્ઞિક રોડ, રાજકોટ. ✆ 94269 72609 •

**।। अर्हं नमः ।।**

પ્રભુએ ત્રિપદીનો ઉચ્ચાર કર્યો ''उप्पन्ने इ वा, विगमे इ वा, धुवे इ वा ।''

એ ત્રણ પદો સાંભળીને બીજબુદ્ધિના માલિક ગણધરમહારાજાઓએ બારઅંગની રચના કરી.

આ ત્રણ પદોને જ **तत्त्वार्थसूत्र**માં દર્શાવ્યા છે ''उत्पादव्ययध्रौव्ययुक्तं सत्...'' દરેક પદાર્થ દરેક સમયે ઉત્પત્તિ-વિનાશ અને સ્થિરતા આ ત્રણથી યુક્ત હોય છે.

આમાં ઉત્પાદ એ વસ્તુના નવા પર્યાયને બતાવે છે.

વિનાશ એ વસ્તુના જૂના પર્યાયને બતાવે છે

ધ્રુવતા = સ્થિરતા એ વસ્તુના કાયમી દ્રવ્યને બતાવે છે.

વસ્તુમાં દરેક સમયે આ ત્રણે ત્રણ વસ્તુ હોય જ છે, તો જ એ વસ્તુ વસ્તુ કહેવાય, નહિ તો એ વસ્તુ અસત્ જ બની જાય.

**શિષ્ય** : દરેક સમયે ઉત્પાદ-વિનાશ દેખાતા તો નથી...તો એ શી રીતે માનવા?

દા.ત. બાળક જન્મ્યો, ૬૦ વર્ષે મર્યો...તો એનો વિનાશ ૬૦ વર્ષ બાદ થયો, તો ૬૦ વર્ષ દરમ્યાન એનો વિનાશ છે જ ક્યાં? એમ ૬૦ વર્ષ દરમ્યાન એનો ઉત્પાદ = જન્મ પણ ક્યાં છે?

**ગુરુ** : તમે મૃત્યુને જ વિનાશ માન્યો, પણ એવું નથી. એની અવસ્થા બદલાય, એટલે જૂની અવસ્થાનો વિનાશ અને નવી અવસ્થાનો ઉત્પાદ ગણાય.

**દા.ત.** ઘોડિયાવાળો બાળક ઘુંટણિયે ચાલતો થયો,
ઘુંટણિયે ચાલતો બાળક ખચકાતા પગે ચાલતો થયો,

ધીમે ધીમે પગે ચાલતો બાળક સડસડાટ નિર્ભયતા સાથે ચાલતો થયો,

નહિ બોલતો બાળક બોલતો થયો.....

આમ આખી જિંદગીમાં અનેકાનેક અવસ્થાઓ બદલાતી જ રહે છે.

આમાં,

જુની અવસ્થાઓનો નાશ,

નવી અવસ્થાઓનો ઉત્પાદ,

જીવ નામના દ્રવ્યની સ્થિરતા ...

કેમકે દરેક અવસ્થાઓમાં જીવ તો છે જ.

**શિષ્ય** : ભલે, પણ સમયે સમયે તો આ ઉત્પાદાદિ દેખાતા જ નથી.

**ગુરુ** : ''જે ન દેખાય, એ નથી...'' એવું તો ન જ મનાય ને?

મશીન વગેરેની ગેરંટી કંપનીઓ તરફથી આપવામાં આવતી હોય છે....

ધારો કે ૫ વર્ષમાં એ મશીન સંપૂર્ણ બગડે છે, તો અઢી વર્ષે અડધું બગડે, સવા વર્ષે $\frac{1}{4}$ ભાગ બગડે...એમ છેલ્લે દરેક સેકંડે એ થોડું થોડું બગડતું જતું માનવું જ પડે.

કપડા હોય કે ગોળી હોય કે પુસ્તક હોય કે ઘર હોય કે કોઇપણ વસ્તુ હોય, બધામાં આ હકીકત છે જ.

પાછું યાદ કરી લો, જીવ કે જડ.. દુનિયાની કોઇપણ વસ્તુમાં સતત ઉત્પાદ, વ્યય, અને સ્થિરતા ચાલુ જ હોય છે.

આ તત્ત્વ છે...આમાં આપણે ક્યાં ભૂલ કરીએ છીએ? એ હવે જોઇએ.

જેમ એક ગ્લાસ અડધો ભરેલો છે... તો જે માણસ એ અડધા ખાલી ભાગને જોશે, એ દુઃખી થવાનો કે ''મને આટલું શરબત ઓછું મળ્યુ.' અને જે ભરેલા ભાગને જ મનમાં લેશે, તો તે સુખી થવાનો કે ''સારું થયુ, મને અડધો ગ્લાસ શરબત મળ્યું'.

વાત બન્ને સાચી, પણ આપણે કઇ સાચી વાતને જોઇએ છીએ? એના ઉપર આપણા સુખ-દુઃખ નો આધાર છે.

મારી પાસે આઠ શિષ્યો છે....

તપાગચ્છના અને અમારા ગચ્છના સેંકડો સાધુઓ કરતા મારી પાસે વધારે શિષ્યો છે. મારા કરતા અમુક નાના સાધુઓ પણ એવા છે કે જેમના કરતા મારી પાસે ઓછા શિષ્યો છે. આ બંને વાત સાચી છે.

હું પહેલી વાત જોઉં તો **પ્રસન્ન!** બીજી વાત જોઉં તો **દુઃખી!**

મારા વ્યાખ્યાનમાં શેષકાળમાં અત્યારે ચેન્નઇ આરાધનાભવનમાં ૨૦૦ જેટલા આરાધકો આવે છે.

અત્યારે ભારતભરમાં હજારો સ્થાનોમાં ચાલતા પ્રવચનોની સંખ્યા કરતા મારી સંખ્યા વધારે છે.અમુક સ્થાનોના પ્રવચનોની સંખ્યા કરતા મારી સંખ્યા ઓછી છે.

બંને વાત સાચી...

પહેલી વાત જોઉં તો **પ્રસન્ન!** બીજી વાત જોઉં તો **દુઃખી!**

આવું ભક્તો વગેરેની બાબતમાં પણ સમજી લેવું.

[હકીકતમાં તો આવી બધી બાબતોમાં ખુશ થવું કે દુઃખ લાગવું એ સાધુતાની લીલામી છે. અર્થાત્ જેને આવી તુચ્છ વસ્તુઓમાં સુખ-દુઃખ અનુભવાય, એ સાધુવેશમાં નકરો સંસારી છે... છતાં આ બધુ અત્યારે તો દ્રષ્ટાંત માટે બતાવ્યું છે.]

એ જ રીતે દરેક વસ્તુ દ્રવ્ય અને પર્યાય ઉભય સ્વરુપ છે, એ વાત તો સાચી, પરંતુ જો વસ્તુના દ્રવ્યાંશને જોશું, તો રાગ અને દ્વેષ નહિ થાય, જો વસ્તુના પર્યાયાંશને જોશું, તો રાગ અને દ્વેષ બંને થવાના.

દ્રવ્ય છે જ, પણ એને જ જોવું એ આપણો ધર્મ છે.

પર્યાય છે જ, પણ એને ન જોવું એ આપણો ધર્મ છે.

આપણી નજર સામે મુખ્યત્વે જીવ અને પુદ્ગલ આ બે દ્રવ્ય અને એના પર્યાય આવે છે.

ક્રોધાદિપર્યાયો જીવ દ્રવ્યના છે...

નવુ-જુનું-ફાટે-તુટે....આ બધા ઘટ-વસ્ત્ર વગેરે જડ દ્રવ્યના પર્યાયો છે.

હા! શરીરના પર્યાયો એ બંને બાજુ ગણી શકાય. શરીર પોતે જડ છે, માટે એના પર્યાયો આમ તો પુદ્ગલદ્રવ્યના જ પર્યાયો ગણાય. પરંતુ એ શરીરમાં આત્મા સંપૂર્ણપણે વ્યાપેલો છે. એ શરીરની એક એક ચીજ આત્મદ્રવ્યે બનાવેલી છે, માટે એ દ્રષ્ટિએ એને આત્મદ્રવ્યના પર્યાયો પણ કહેવાય છે.



મૂળ વાત એટલી જ છે કે,

જો આપણે દ્રવ્યને જોશું, તો રતિ-અરતિ થી બચશું.....

જો આપણે પર્યાયને જોશું, તો રતિ-અરતિમાં મરશું....

પુદ્ગલદ્રવ્યનો એક પર્યાય છે ''મગની દાળનો શીરો'. આપણે ''આ શીરો'.... એ રીતે જ જોઇએ છીએ ને? એટલે થશે રાગ!

પુદ્ગલદ્રવ્યનો એક પર્યાય છે ''શીરો ખાધા બાદ એની જ બનેલી વિષ્ટા!' આપણે એને ''આ સ્થંડિલ'... એ રીતે જ જોઇએ છીએ ને? એટલે થશે અરતિ! છી! દ્વેષ!

**શિષ્યઃ** શીરો સુગંધી છે, સ્વાદિષ્ટ છે, માટે ગમે છે...વિષ્ટા દુર્ગંધી છે, બે-સ્વાદ છે, માટે નથી ગમતી.

**ગુરુ :** સુગંધ-સુસ્વાદ એ પણ બધા પુદ્ગલના પર્યાયો જ છે. એમ દુર્ગંધ-બે સ્વાદ એ બધા પણ પુદ્ગલના પર્યાયો જ છે. કેમ કે આ બધું તો બદલાયા જ કરે છે ને? એટલે આપણે એ પર્યાયોને જોયા. માટે જ રતિ-અરતિ!

સ્ત્રી-શરીર એ પણ પર્યાય છે.

પુરુષશરીર એ પણ પર્યાય છે.

સ્ત્રીએ જોયું ''આ પુરુષ, હું સ્ત્રી''. આ પર્યાયદર્શનથી ઉત્પન્ન થયો રાગ! વિકાર!

પુરુષે જોયું '' આ સ્ત્રી, હું પુરુષ'. આ પર્યાયદર્શનથી ઉત્પન્ન થયો રાગ! વિકાર!

પણ એક સ્ત્રી બીજી સ્ત્રીને જુએ, તો ''આ સ્ત્રી, હું પણ સ્ત્રી''. તો પછી રાગ ભાગી ગયો.

એક પુરુષ બીજા પુરુષને જુએ, તો ''આ પુરુષ, હું પુરુષ''. તો પછી રાગ ભાગી ગયો.

આમાં રાગ ભાગી ગયો, એ આમ તો સારુ છે, પરંતુ હકીકત એ છે કે એમાં ઉંડેઉંડે અરતિ ભેગી છે....

કોઇ પુરુષ સ્ત્રીના કપડા પહેરીને ફરતો હોય, એને જોઇને બીજો પુરુષ એને સ્ત્રી માને, વિકાર જાગે...એકાંતમાં બોલાવે, અને પછી ખબર પડે કે *''અરેરે! આ તો પુરુષ જ છે''*, તો એ માથું કુટે જ છે ને!



હજી આગળ,

→ *''આ છોકરી રુપાળી...''* પર્યાય જોયો અને છોકરાએ સગાઇ કરી....

→ *''આ છોકરીને મોઢા પર કોઢનો ડાઘ થવા લાગ્યો છે.''* આવું સગાઇના એક માસ બાદ ખબર પડી અને છોકરાએ સગાઇ તોડી....

પુદ્ગલના રુપ અને ડાઘ આ બે પર્યાયોને જોઇને બિચારો છોકરો એ છોકરીને સ્વીકારે છે અને રખડતી મૂકે છે.

''આ છોકરા-છોકરીનો સ્વભાવ સારો, પ્રેમાળ''. એમ જીવના રાગાદિપર્યાયો જોઇને બીજો જીવ પણ રાગ કરે છે. કોલેજ વગેરેમાં છોકરો કોઇ છોકરીની ખુબ સંભાળ લે, એને સારી રીતે સાચવે, તો છોકરી એની પાછળ Mad!

પણ લગ્ન બાદ છોકરાનો ક્રોધ-જીદ-શંકાશીલસ્વભાવ જુએ, એટલે થાકેલી હારેલી છોકરી સ્વીકાર કરે તલાક! એણે જોયો છોકરાનો

ક્રોધાદિપર્યાય!

હે જીવો!

આંખો ખોલીને, જો જો.....

કાન ખુલ્લા કરીને સાંભળજો....

એકાગ્ર બનીને શાસ્ત્રો વાંચજો....

જ્યાં જ્યાં રાગ-દ્વેષ પ્રગટ્યા છે, ત્યાં ત્યાં પર્યાયોનું દર્શન પરેશાન કરી ગયું છે.

→ મા-બહેન-દીકરી-બાપ-ભાઇ-દીકરો... પર્યાયો દેખાયા, અને સ્નેહરાગ પ્રગટ્યો.

→ ''રૂપાળી પત્ની'' પર્યાય જોયો, અને કામરાગ પ્રગટ્યો.

→ ''સાસુ-વહુ'' પર્યાય જોયો, અને દ્વેષ પ્રગટ્યો....

હદ કરી નાંખી છે આ પર્યાયોના દર્શને!

આખા વિશ્વમાં = ચૌદરાજલોકમાં ફરી વળો, બધે જ પ્રાયઃ એક જ હકીકત જોવા મળશે **''રતિ-અરતિ જો થઇ, તો એનું કારણ છે પર્યાયદર્શન!'**

આપણે પણ પર્યાયદર્શન કરી કરીને રતિ-અરતિમાં ફસાયા છીએ ને!

નવા વસ્ત્રો લીધા, એ પહેરવા ગમે. ''મેલા ન થાય...'' એની કાળજી રાખીએ. પણ એકાદ મહિના બાદ એ થયા મેલા, પસીનો પણ ચુસતા નથી... હવે એ કપડા પહેરવા ગમતા નથી. **''ક્યારે કાપ કાઢુ?''** એવો જ વિચાર આવે છે, બરાબર ને? કાપ કાઢ્યા બાદ પાછા એ પહેરવા ગમે છે ને?

દુધ મોળું, તો મોઢું બગડે. પછી ખાંડ મંગાવીને મીઠું કર્યું, તો મુખ હસે....આવું ખરું ?

આમ્બિલાદિની રસોઇ ગરમાગરમ હોય, તો ખુશી! પણ અડધો કલાક વાપરવામાં મોડું થયું, ગોચરી થઇ ગઇ ઠંડી, તો અરુચિ! માંડ માંડ વાપરવું પડે...

પાણી ગરમાગરમ હોય, તો ન ગમે. પરાતમાં ઠાર્યા બાદ, ઘડામાં ભર્યા બાદ ઠંડું થયેલું એ પાણી ભર ઉનાળામાં ૪૫ ડીગ્રીની અમદાવાદની ગરમીમાં વાપરવાની મજા આવે છે ને?

પરમાણુ-પુદ્ગલોમાંથી બનેલી બંગાળી મિઠાઇઓ ખુબ ભાવે ને? એ જ પુદ્ગલોમાંથી બનેલી દેશી મિઠાઇઓ છ'રીપાલિતસંઘોમાં, ઉપધાનમાં, નવ્વાણુમાં વાપરવાની ટાળીએ ને? ઓછી લઇએ ને? થાળીમાં આવી હોય, તો પરાણે ખાવી પડે ને?

ગુરુ ખુબ પ્રેમ દર્શાવે, તો ગુરુ ભગવાન લાગે ને? અને એજ ગુરુ ક્યારેક જાહેરમાં ઠપકો આપી દે તો? એ પણ ભૂલ વિના આપી દે તો? ગુરુ બીજાની ખુબ પ્રશંસા કરે, આપણી ન કરે તો? પછી એ ગુરુ કેવા લાગે? કાચા કાનના? પક્ષપાતી? ક્રોધી?

સેવાભાવી સંયમી આખા ગ્રુપને વહાલો લાગે, પણ એ જ સંયમી ક્યારેક સેવાની ના પાડે તો? એનો સ્વભાવ બદલાય. ''બધા મારો 'Misuse' કરે છે,'' એવું એને લાગે અને એ ધીરે ધીરે એકસ્ટ્રા ભક્તિ બંધ કરે તો? તો એ સંયમી પર અરુચિ જાગે ને?

વર્ષોના વર્ષો સુધી ઘરના સેવક તરીકે રહેલ વડીલ હવે મોટી-કાયમી બિમારીના કારણે કે ઘડપણના કારણે પથારીવશ બને, સેવકને બદલે સેવ્ય બને, એ પણ લાંબા સમયનો હિસાબ હોય તો? શું એ આકરું લાગે? મનમાં અચાનક કોઇ એવા પણ વિચાર આવી જાય કે ''હવે આ...''

સંસારીઓ તો બિચારા છે, અજ્ઞાની છે, તત્ત્વજ્ઞાનહીન છે...તેઓ તો રતિ-અરતિના ચક્કરમાં ફસાય એ સમજી શકાય એમ છે.

પણ આપણે બધા સંયમીઓ પણ માછલીની માફક આ જાળમાં ફસાઇએ, એ તો શોભે જ શી રીતે? હા! સંસ્કારો અનાદિના છે, માટે આ તકલીફ થાય છે, થશે... પણ હવે મહેનત કરીને એમાંથી બહાર નીકળવાનું છે.

એક જ કામ...

આત્મા આત્મા જ છે...સિદ્ધાત્મા છે...બસ, આ જ જોવાનું. કોઇપણ આત્મામાં આ સિવાય બીજું કંઇપણ નહિ જ જોવાનું, દેખાય તો પણ ઉપેક્ષા કરવાની... તો પછી બીજા જીવના ક્રોધ-પક્ષપાત વગેરે કોઇપણ પર્યાય દેખાશે નહિ, તો પછી ગુસ્સો નહિ આવે. એમ કોઇપણ જીવના ''પ્રેમ-સંભાળ લેવી...'' વગેરે પર્યાયો દેખાશે નહિ, તો પછી રાગ થવાનો પ્રશ્ન પણ નહિ નડે.

એમ,

''આ જડ છે, પુદ્ગલ છે, પરમાણુમય છે.'' બસ, આ જ જોવાનુ. કોઇપણ જડ પદાર્થોમાં આ સિવાય રુપ-રસ-ગંધ-સ્પર્શ-સંસ્થાન જોવાના જ નહિ...પછી આ રતિ-અરતિની પંચાત મટવા માંડશે.

આ થઇ ભૂમિકા...

આ જ પદાર્થને ખૂબ જ સુંદરભાષામાં રજુ કરતું એક ભાવવાહી વૈરાગ્યપોષક ગીત આપણે ચિંતનમાં લેશું.

ગીતના રચયિતા કોણ? એ ખ્યાલમાં નથી. પ્રાયઃ સ્વામીનારાયણ સંપ્રદાયના સંત છે.

પણ એ ગાયું છે સારા સજ્જન ***જયદીપભાઇ સ્વાદીઆ***એ...

આ લખવાનું કારણ એ કે ગીત અંગેનો યશ મને ન મળે...નહિ તો યશ ચોરીનો દોષ મને લાગે.

અતિ-અદ્ભુત રાગમાં ગાયું છે જયદીપભાઇએ! [જો કે હું પણ પાછો પર્યાયને જ જોઇ રહ્યો છું. પણ પ્રશસ્તરાગ-દ્વેષ થતા હોય, તો એકવાર પર્યાયદર્શન પણ ચાલે...]

***

## माटी का भेद निराला, किसी को समझ नहीं आया,
## कितने रूप हे माटी तेरे (२), तुने जग को भरमाया रे...

માટી એટલે પુદ્ગલ દ્રવ્ય !

જીવ સાથે જોડાયેલું શરીર રુપી પુદગલદ્રવ્ય!

કે જીવ વિના સ્વતંત્ર રહેલું પુદગલદ્રવ્ય!

આ દ્રવ્યના ભેદ નિરાલા છે.

ભેદ=પર્યાય, નિરાલા= અલગ, અલગ...વિચિત્ર...ન સમજાય એવા... નથી સમજાતા આ પર્યાયો કોઇને પણ!

ઓ માટી! ઓ પુદગલ!

તારા કેટલા રુપ છે? કેટલા પર્યાયો છે?

તે આ જગતને ભ્રમમાં નાંખ્યું છે.

**શિષ્ય :** લોકો પર્યાયને જાણે તો છે જ ને? ‘‘ઘડો, વસ્ત્ર, મનુષ્ય, પશુ...’’ આ બધા પર્યાયો જ છે અને બધા લોકો એને જાણે જ છે.

**ગુરુ :** એમ તો જાણે છે, પણ એનું પર્યાય તરીકેનું વાસ્તવિક સ્વરુપ નથી જાણતા.

એક જ એકટર અલગ અલગ ફિલ્મોમાં અલગ અલગ રોલ ભજવે.

(૧) પોલીસ (૨) કુલી (૩) ગરીબ (૪) કરોડપતિ (૫) સ્મગ્લર... વગેરે. જડ માણસો એ બધા રોલ જોઇને રાગી-દ્વેષી બને. સમજુ માણસ તો સમજે છે કે **<u>''આ તો નાટક છે. હકીકતમાં એ એક્ટર પોલીસ-કુલી...આદિ કશું નથી. એમાં એ મરી જાય, તો'ય નથી મરતો...'</u>**

Gold ને અમુક આકાર આપ્યો, બની ગયો હાર! આકાર બદલ્યો, બની ગયું કડું! આકાર બદલ્યો, બની ગઇ બુટી, ઝાંઝર! આ બધા પર્યાયો છેવટે છે શું? અલગ અલગ આકાર સિવાય કંઇ જ નહિ. છે એક જ વસ્તુ! જે હકીકત છે એ Gold!

સોનીને Goldમાં રસ છે, પણ બિચારી પ્રજાને તો એના આકારમાં, ડિઝાઇનમાં રસ છે. એ માટે તો કેટલી મહેનત કરવામાં આવે છે ને!

ચીંગમ જેવી એક ચીકણી ગુલાબી કલરની ખાવાની વસ્તુ લઇને એક માણસ બિલ્ડીંગની નીચે આવતો. ત્યારે અમે બધા નાના... એ ખાવાનું ભાવે, પણ વિશેષ બાબત એ હતી કે એ ભાઇ અમે જે આકાર કહીએ, એ આકારમાં એ વસ્તુ બનાવીને આપે. ક્યારેક સ્કુટર, ક્યારેક ગાડી વગેરે. ક્યારેક અમે સિંહ, ગાય વગેરે આકાર બનાવી આપવાનું કહેતા. અજ્ઞાની હોવાથી ભાન ન હતું કે ***''જીવના આકારવાળી વસ્તુ ન ખવાય સંસ્કાર ખોટા પડે'***

આમાં દરેક જણ પોતપોતાનો મનગમતો આકાર પામીને ખુશ થાય. આકાર વિનાની એ વસ્તુ બધાને ભાવતી ખરી, પણ વધારે આનંદ તો એ આકારનો હતો. હા! માની લો કે એમાંથી ગરોળીનો, સાપનો આકાર બનાવ્યો હોત, તો અમે બધા ગભરાત. ગાય વગેરેના આકાર પણ અમે ક્યારેય ખાધા ન હતા, એ વસ્તુ દબાવી દઇ મૂળસ્વરૂપ બનાવીને જ ખાતા.

એ મૂળ ખાદ્યવસ્તુ છે દ્રવ્ય!

એ આકારો છે પર્યાય! માટીના ભેદ! કરોડો ભેદ!

બિચારું જગત!.....એમાં રાગ-દ્વેષ કરી કરીને ભ્રમમાં પડ્યું છે.

***

**कल तक जिन महेलों में दीपक, रोज दिवाली करते थे, (२)**
**सुन्दरता कोइ नाचा करती, प्याले रोज छलकते थे, (२)**
**माटी के वो महेल, वो दीपक, वो माटी के प्याले थे,**
**माटी नाच दिखाया करती, माटी पीने वाले थे,**
**जाने कितनों को माटीने (२)**
**माटी बीच मिलाया रे... माटी का भेद...**



યાદ કરો રાજાશાહી! એ પછી અંગ્રેજશાહી !

ઇલેક્ટ્રીકસીટીની શોધ થઇ ન હતી, એ જમાનાની વાત!

એ રાજકુમારો, એ શ્રેષ્ઠીપુત્રો રંગીલા હતા.

મળેલી સત્તા, સંપત્તિ, યુવાની, રુપાદિની મોજ-મસ્તી લુંટવામાં જ માનતા હતા સુખ! દિવસની એમની દુનિયા ભલે શાહુકારની હોય...

પણ જેવી રાત પડતી, રાહ જ જોતા હતા એ બિચારાઓ રાત્રિની, કાળરાત્રિની...

એમના મહેલોમાં, બંગલાઓ જેવી હવેલીઓમાં હજારોની સંખ્યામાં દીપકો પ્રજવલી ઉઠતા... દિવાળી તો વર્ષમાં એક જ દિવસ આવે, પણ આ લોકોને ત્યાં તો રોજની દિવાળી હતી.

હા! **રામ**ના અયોધ્યા પ્રવેશની ખુશીની દિવાળી ન હતી આ... કે **પ્રભુવીર**ના નિર્વાણના દુઃખની દિવાળી ન હતી આ...

આ તો ભયાનક પાપોને પ્રગટાવનારી દિવાળી હતી...

બેસી જતા એ છકેલા યુવાનો પોતપોતાની જગ્યાએ...

સામે આવી જતી કોઇ એક રૂપવતી, વિવશ, બેબસ, પરાધીન સ્ત્રી... નાચવા માટે! ધંધો હતો એનો એ તો!

ઇચ્છા ન હોય તો ય પોતાનું રૂપ પીવા દેતી પાગલોને!

પશુ તુલ્ય એ ઇન્સાનોને ખુશ કરવા માટે એ સુંદર સ્ત્રી દુઃખી હોય, તો ય હસતી...હસતી અને નાચ્યા કરતી. પછી તો એને પણ મજા આવવા લાગતી આ માદક દુનિયામાં! છેવટે કુસંસ્કારો તો એનામાં પણ છે જ ને!

એ ક્યાં સાધ્વીનો અવતાર લઇને જન્મી છે...

એ ક્યાં શીલસુરક્ષાની ટેક લઇને જન્મી છે...

એ ક્યાં ખાનદાન પરિવારનું લોહી-વીર્ય લઇને જન્મી છે...

પછી એ ય મદમસ્ત બને, મોજીલી બને, શરુઆતના સંકોચ-ભય-લજ્જાને છોડીને નિઃસંકોચ-નિર્ભય-નિર્લજ્જ બને... એમાં આશ્ચર્ય શું છે?

અરે! એ નાચનારી જ કેમ નાચે? કુલવધુઓ, કુળવાન દીકરીઓ પણ કેમ ન નાચે? કોણ છે એમને રોકનાર? હક છે એમને એમની પોતાની Life પોતાની મરજી પ્રમાણે જીવવાનો... એમને રોકનાર આ દુનિયામાં એક જ જન્મ્યો છે, એ ખુદ પોતે જ! પણ એ તો પોતાને રોકવા તૈયાર જ નથી, પછી થાય શું?

આજે જરાક દ્રશ્ય બદલાયું છે...

રોજ દિવાળી તો થાય છે, પણ મહેલોમાં, હવેલીઓમાં નહિ... હોટલોમાં!

ત્યાં પ્રકાશ તો થાય છે, પણ દિવાઓનો નહિ... ઝગમગતી, ભાતભાતની LED લાઇટોનો!

ત્યાં પણ નાચ તો થાય છે, પણ માત્ર નાચનારીનો નહિ, બધાનો! બધાનો જ...

ત્યાં શરાબના પ્યાલાઓ છલકે છે, પણ પીનારાઓ છોકરા-છોકરી બધા જ છે...

૧૪ વર્ષની ઉંમરવાળા પણ મળશે પ્યાલા છલકાવનારા, શરાબના નશામાં નાચનારા, ઝુમનારા, બકવાસ કરનારા, બેભાન બનીને ઢળી જનારા... અરેરે!

ભૂતકાળમાં અને વર્તમાનમાં કંઇ ઝાઝો ફરક દેખાતો નથી.

રાગ નામનો ભયાનક રોગ ભૂતની જેમ વળગેલો છે, લગભગ બધાને!

એ મહેલો, એ હવેલીઓ, એ ફાઇવસ્ટાર હોટલો...છેવટે બધું શું છે? માત્ર પુદ્ગલ! માટી!

એ દીપકો, એ રોશનીઓ, એ લાઇટો...છેવટે બધું શું છે? માત્ર પુદ્ગલ!

એ છલકતા પ્યાલાઓ....કાચના કે ધાતુના...છેવટે બધું શું છે? માત્ર પુદ્ગલ!

એ શરાબ પીનારાઓ, મહેફિલની મજા લુંટનારાઓ, યૌવનના મદમાં પાગલ બનેલાઓ, માનવભવનું કચુંબર કરનારાઓ, દયાપાત્રો, ભિખારી કરતા પણ નબળાઓ...નબળાઓ...છેવટે કોણ? માત્ર પુદ્ગલ!

ઓ ભગવાન!

પર્યાયો ભલે અલગ અલગ હોય, પણ છેવટે દ્રવ્યરૂપે તો માત્ર પુદ્ગલ જ છે. એના અલગ અલગ આકારો બની ગયા છે પર્યાયો! અને આ બધી હોળીઓ સળગી છે.

શું જોવા જેવું છે એ નાચનારીમાં? કે એના નાચમાં?

શું પીવા જેવું છે એ શરાબમાં?

શું દાટ્યું છે એ મહેલોમાં? એ દીપકોમાં?

પણ પ્રચંડ સામ્રાજ્ય છે મોહરાજનું!

***

**माटी पर चड माटी एक दिन, माटी के घर आई, (२)**
**माटी की शादी माटी से, माटी ने करवाई, (२)**
**एक माटी से माटी की गोद में माटी आई,**
**कुल की ज्योति इक माटी कुलदीपक है कहलाई,**
**देख के माटी को माटीने (२)**
**उत्सव खूब मनाया हो... माटी का भेद**

ઉંમરલાયક બન્યા એ મોજીલો મસ્તી ખોર યુવાન!

મા-બાપે વિચારી લીધું કે *''આને લગ્નના બંધને બાંધીએ, તો જવાબદારી માથે આવતા કંઇક ગંભીર બનશે...''*

શોધખોળ ચાલુ કરી છોકરીની, અને આખરે સગાઇ પણ થઇ ગઇ. લગ્નનો દિવસ પણ આવી ગયો.

જૂના જમાનાની રીત રસમો ભારે!

સજાવવામાં આવ્યો ઘોડો અને વધારે સજાવવામાં આવ્યા ઘોડા જેવા વરરાજા!

નીકળ્યો વરઘોડો. બેંડ-વાજા વાગતા રહ્યા અને ઘોડા પર ચડેલા વરરાજા પહોંચ્યા પોતાની ભાવી પત્નીના ઘર આંગણે!

માંડવો મંડાઇ ગયો છે, ગોર મહારાજ તૈયાર થઇ ગયા છે, મુહૂર્તનો સમય આવી ગયો છે, કન્યાનાં મા-બાપ આખરે યુવાનને, યુવાનના મા-બાપને કન્યાદાન કરે છે... બંનેના હાથનો મેળાપ થાય છે, સાત ફેરા ફરવામાં આવે છે...

વર્તમાનકાળમાં ઝાઝો ફરક નથી આવ્યો. ઘોડાને બદલે ગાડીમાં બેસીને આવે છે...બસ ! બાકી બધું As it is... ક્યાંક વળી કોર્ટમેરેજ થાય, તો ગોરમહારાજ કે સાત ફેરા પણ નથી હોતા. એક બીજાને વીંટી પહેરાવી અને વાત પૂરી!

આ ઘોડો કે ગાડી, આ વરરાજા, આ કન્યા, આ બંને પક્ષના વેવાઇઓ...શું છે આ બધું ખબર છે ને? માત્ર પુદ્ગલ! એના અલગ અલગ આકારો! પર્યાયો!

આખી દુનિયામાં આજે આવું જ ચાલે છે...

લગ્ન બાદ શયનખંડમાં એ બે માટી ભેગી થઇ. કામરાગનું મેદાન છે એ તો! એકાંત-અનુકૂળતા...અને માઝા મૂકી દીધા રાગભાવે! એ પાપને જ બિચારાઓ સુખ માની બેઠા. લાગ્યું એમને કે *''આજે અમને દુનિયાનું સર્વોચ્ચ સુખ મળ્યું''* ક્યાં ખબર હતી એમને કે *''આ તો પશુઓની જાનવરોની ક્રીડા છે. નગ્નતા પશુઓને શોભે, માનવોને નહિ.''*

પરમસંતોષ માન્યો એ બંને જણે!

પછી તો દરરોજ રાત્રિએ એ જ કામલીલા!

ધીરે ધીરે થાક લાગવા લાગ્યો, કંટાળો આવવા લાગ્યો, પહેલા દિવસ કરતા તો હવે સુખાનુભવ ખાસ્સો ઘટી ગયો. પણ એકાંત-કુસંસ્કારોને વશ બની બિચારા બેય જણ ઢોર બનતા જ રહ્યા. એની પાછળ હવે નવા સુખની ઝંખના જન્મ લઇ ચૂકી હતી. એ આશાએ પશુ બનવું એમને માફક આવવા માંડ્યું. એ ઝંખના હતી ''સંતાન-પ્રાપ્તિની!''

પણ ભાગ્ય ઓછું પડતું હતું, એટલે મહેનતના ફળ દેખાતા ન હતા. સ્ત્રીને ભય હતો 'વાંઝ' કલંક લાગવાનો, તો પુરુષને ભય હતો 'નપુંસક' કલંક લાગવાનો.

સંતાન સુખ જોઇએ એ એક અલગ વાત,

કલંક ન જોઇએ એ એક બીજી વાત..

પછી તો માનતાઓ માની, દેવી-દેવતાઓના સેંકડો પત્થરોને ભગવાન માનીને પૂજ્યા. શરીરના સુખોનો રસ પહેલા જેવો ન રહ્યો હોવા છતા પણ બસ...કશું ન હોય, તો કંઇક તો જોઇએ ને? એ ન્યાયે એને કંઇક માનીને માણતા રહ્યા. ભૂખ્યો માણસ તો ટાઢો ભાત પણ ખાય. ત્યાં કિંમત ટાઢા ભાતની નથી, પણ માણસની ભૂખની છે.

એક દિવસ કર્મોનો કાળ પાકી ગયો...



ડોક્ટરોના ધક્કા તો ઘણા ખાઇ જ લીધેલા. એમણે સૂચવેલા બધા ઉપાયો અપનાવી લીધેલા...પણ આઠ-આઠ વર્ષે પણ Result Zero હતું. પણ અચાનક...

અંતરાયના દિવસો નીકળી જવા છતાં અંતરાયમાં ન થઇ એ સ્ત્રી!

અને આશા બંધાણી એ સ્ત્રીને-પુરુષને!

પહોંચી ગયા ડોક્ટર પાસે, બધા રિપોર્ટ કરાવ્યા...

આતુરતા સાથે ડોકટરના મોઢા સામે જોઇ રહ્યું એ દંપતી! અને જ્યારે જવાબ મળ્યો કે, તમારી વર્ષોની આશા પૂરી થઇ છે, ધન્યવાદ!' ત્યારે બંનેની આંખોમાં આંસુ છલકાયા. ડોકટરમાં એમને ભગવાનના દર્શન થયા. લગ્નના દિવસ કરતા પણ આજનો આનંદ એમને વધારે લાગ્યો. પ્રથમ રાતના સંસારના સુખને ટક્કર મારી દે, એવો એમને આજનો આનંદ અનુભવાયો...

લાંબો સમય સુધી ડોકટરને પૂછતાછ કરતા જ રહ્યા કે, 'ગર્ભની કાળજી માટે અમારે શું કરવું?' ડોકટરની એક એક સૂચના કાગળ પર લખતા જ ગયા, આના માટેની Book ખરીદી પણ લીધી. અને નવા સ્વપ્નાઓના મહેલનું ચણતર કરતા કરતા બંને પહોંચ્યા ઘરે...

આજે બંને બહાર ફરવા ગયા, મનગમતી મિઠાઇઓ ખાધી, હજી તો જેનું મુખ પણ જોયું નથી, એને માટે બધાને મિઠાઇ ખવડાવી. આખી દુનિયાના જાણે કે પહેલા નંબરના મા-બાપ હોય, એમ વર્તન કરવા લાગ્યા.

આવનાર દીકરા-દીકરી માટે ઘોડિયું ખરીદી લીધું, એના માટેના કપડાઓ પણ ખરીદી લીધા. સંતાન માટે 'રાત્રે જાગીશ હું...' એવી ખુમારી ભરી તૈયારી ભાવી પપ્પાએ કરી લીધી, અને 'તમે જાગીને શું કરશો? તમે એને શું ખવડાવવાના? એ તો મારે જ જાગવું પડે,' એમ ભાવી મમ્મી વહાલથી એ બિચારા અજ્ઞાની પપ્પાને સમ્યગ્જ્ઞાન આપવા લાગી. ડોકટરની સૂચના પ્રમાણે સમયસર ચેક-અપ પણ કરાવતા જ ગયા...

દિવસો અને મહિનાઓ વીત્યા. ક્યારેક કંઇક તકલીફ પડી, તો ચિંતાના સાગરમાં ડુબ્યા. વળી પાછી ડોકટરના કહેવા પ્રમાણે કરવાથી તકલીફ દૂર થઇ, તો પરમશાંતિ પામ્યા. મહાસાગરના મોજાઓ વચ્ચે ઉછળતી નૌકા બિચારી ઉપર-નીચે થયા જ કરે, એમ આ દંપતી પણ ક્યારેક ચિંતા, ક્યારેક આનંદ, પાછી ચિંતા, પાછી ખુશી... એમ બિચારું માર ખાધા કરતું હતું.

કાળને જતા શી વાર લાગે?

ડોકટરે કહેલો દિવસ વહેલો આવી ગયો. પાંચ-સાત દિવસ પહેલા જ અચાનક વેદના ઉપડી. સ્ત્રીને લઇ જવામાં આવી મેટરનીટી હોમમાં... પતિ બિચારો ઓફિસ છોડીને માથે આખા વિશ્વની ચિંતા જેટલો મોટો ભાર લઇને ભાગ્યો હોસ્પિટલ તરફ... પહોંચ્યો. ત્યારે દ્રશ્ય નિહાળવા મળ્યું કે ''મમ્મી રુમની બહાર બેઠા છે. ઓપરેશન થિયેટર બંધ છે. મમ્મી ચિંતામાં છે...''

''શું થયું મમ્મી!'' અનિષ્ટની આશંકા સાથે એણે પૂછ્યું. નાવ ડુબી ન જાય, એ જ એકમાત્ર એને ડર હતો.

''પેટમાં બાળક ઉંધું થયુ છે, ઓપરેશનથી ડિલીવરી કરાવવી પડશે. અરજન્ટ હતું, એટલે પછી નિર્ણય લઇ લીધો, હવે બધું

ભગવાનના ભરોસે!'' મા બોલી. એને વહુની ચિંતા કરતા પણ વારસદારની ચિંતા હતી. સ્વાર્થની દુર્ગંધથી ભરચક છે આ ભયાનક સંસાર! પૌત્ર અત્યંત વહાલો છે, પણ પૌત્રની ભેટ આપનાર વહુ? કદાચ મરી જાય તોય પરવા નહિ.

યુવાન પણ માની ચિંતામાં સામેલ થયો. ઓપરશન થિયેટરમાંથી બહાર આવતી નર્સના મોઢા ઉપરથી એ અંદરની સારી-ખરાબ હાલત જાણવાની મહેનત કરતો.

એકવાર તો અધીરા થઇને પૂછી પણ લીધું ઝપાટાબંધ જતી નર્સને... પણ ઓફિસમાં મોટા સ્ટાફ ઉપર વટ જમાવનાર એ બિઝનેસમેનની સરિયામ ઉપેક્ષા કરીને નર્સ ચાલી ગઇ.

***''બે બદામની કિંમતની નર્સ મને જવાબ પણ ન આપે? શું સમજે છે એના મનમાં?''*** એવો વિચાર પણ યુવાનને ન આવ્યો, ન લાગ્યું એને એ અપમાન! એને માત્ર જવાબ ન મળવાથી ચિંતાનું દુઃખ વધ્યું...એટલું જ!

"Congratulation યંગમેન! Be happy... તમે પપ્પા બન્યા છો. દીકરાનો જન્મ થયો છે.'' માથું નીચું રાખીને હાથ જોડીને પ્રભુને પ્રાર્થના કરતા એ યુવાનની આગળ ઉભેલા ડોક્ટર હસતાં હસતાં પુત્રજન્મની વધામણી આપી રહ્યા હતા...

જાણે ભગવાને પોતાની પ્રાર્થના સાંભળી હોય એમ યુવાને ઝાટકા સાથે માથું ઉંચુ કર્યું. 'પોતે કોણ? સામે કોણ?' એ ભૂલી જઇને ભેટી પડ્યો ડોકટરને... પાગલની જેમ કંઇ ને કંઇ લવારા કરવા માંડ્યો. પુત્રજન્મની વધામણીથી **સિધ્ધાર્થરાજા**ને કેવો આનંદ થયો હશે? એ નિહાળવું હોય, તો આ યુવાનને જ નિહાળી લો ને!

નાચવાનું મન થઇ ગયું એ યુવાનને દેખનારી Public ન હતી, તો પણ... પણ ભાન આવી ગયું હતું એને પોતાના ઔચિત્યનું!

''ડોકટર સાહેબ! મારા દીકરાનું મુખ જોઇ શકું?'' વર્ષોથી પત્નીનું મોઢું જોઇ જોઇને કદાચ યુવાન હવે એમાં નીરસ બની ગયો હશે, એટલે એને જોવાની ઇચ્છા દર્શાવ્યા વિના એક નવા ચહેરાને જોવા માટે તલપાપડ બન્યો. એની આંખોમાં ઉત્સુકતાનો દરિયો છલકતો દેખાતો હતો. "Sorry! થોડીવાર લાગશે...'' જવાબ મળ્યો, નિરાશા જન્માવતો! છતાં ય સુખની માત્રા ખાસ્સી હતી, ઘણી ઘણી વધારે!

''તમે અંદર જઇ શકો છો, પણ સંભાળજો, બાળક તાજું છે, બહુ પ્રેમ નહિ કરતા.'' કાંકરાવાળા શીરા જેવા નર્સના એ શબ્દો સાંભળતાની સાથે જ યુવાન દોડ્યો અંદર... પહેલી નજર પડી પત્નીના હસતા મુખ પર! 'તને કેમ છે?' એ પૂછવાનું ભૂલી જઇને એની નજરે તરત જ બાજુમાં રહેલા બાળકને શોધી કાઢ્યું.

હર્ષના આંસુ ટપક્યા..... હૃદય ભરાઇ ગયું. એક ભડવીર પુરુષ શું આ રીતે રોઇ પણ શકે? હા! મોહરાજ સૌને રડાવી શકે, હસાવી શકે.

દયા આવે એ જ્ઞાનીપુરુષોને, નાટક કરતા આ સંસારીજીવોને જોઇને! સાવ ક્ષણિક સુખમાં ગાંડપણની બેહદ પરાકાષ્ઠા!

ધીરે રહીને હાથમાં લીધું બાળકને! બે મિનિટ ધ્યાનથી જોયા જ કર્યું, કદાચ જિંદગીમાં બે મિનિટ માટે આ રીતે, આવા રાગભાવથી પ્રભુ-ગુરુ સામે જોયું હોત તો?

એમણે તો રાગ દ્વેષની જંજીરોમાં જકડાઇને જ આખી જિંદગી પૂરી કરવાની... અંદમાન-નિકોબારની જેલમાંથી ભાગવું તો ઘણું જ સહેલું! પણ આ જંજીરો નહિ તુટે... આશ્ચર્ય તો એ છે કે બિચારા આ સંસારીજીવોને મોહરાજની આ જંજીરો મીઠી લાગે છે, પ્યારી લાગે છે.

હદ થઇ એ જીવોની ગુલામીપણાની! ***'આઝાદ બનવું છે...'*** એવી ઇચ્છા પણ હોત ને, તો એ ગુલામો કંઇક સારા ગણાત. ગુલામીને ખરાબ સમજે તો છે, ગુલામીથી બચવા ઇચ્છે તો છે, મનના તો ગુલામ નથી...?

આ તો માયકાંગલા બની બેઠેલા બિચારા સંસારી જીવો! મનના પણ ગુલામ! પોતાના સ્નેહાશાને, પુત્રાશાને સારી માને, એનું ગૌરવ અનુભવે. *''મેં મારા સંતાન માટે કેટલું બધુ કર્યું. હું એના માટે કેટલો બધો ભોગ આપું છું.''* એનો હર્ષ અનુભવે... હટ! ચીતરી ચડે છે, ઉલટી થાય છે એમની આ નીચલી મનોદશા જોઇને!

આઠ આઠ વર્ષો બાદ સંતાનનો જન્મ થયો. એ પણ દીકરો! સોહામણો! રાજકુમાર જેવો! કોઇપણ કમી વિનાનો!

વધામણી આપવા આવવા લાગ્યા મિત્રો, સ્વજનો, પરિચિતો! ''બાંઝ'', ''નપુંસક'' એ ગાળો બોલનારાના મોઢા બંધ થયા અને

તેઓ પણ મીઠા મોઢા કરીને ધન્યવાદ આપવા આવી પહોંચ્યા.

આ બધા નવા નાટકો પણ કેટલાક દિવસો સુધી ચાલ્યા.

જો કે બધા આવનારાઓ તો આવું નાટક ઘણીવાર કરી ચુક્યા હતા, એટલે એમને માટે તો આ બધી એક્ટીંગ સામાન્ય જ હતી. ઘરે જવું, હસવું, બાળકને જોવો-પ્રશંસા કરવી, નાસ્તો કરવો, સૂચનાઓ કરવી... અને વિદાય લેવી. વિદાય લીધા બાદ પોતાના અભિપ્રાયોની અંદરઅંદર ચર્ચા કરવી.

'આખરે ભાગ્ય ઉઘડ્યું...દીકરો તો જોરદાર મળ્યો છે... હવે બરાબર સાચવે તો સારું... બાપને પૈસાનું ઘમંડ ઘણું છે... એની માય કંઇ સીધી નથી, સાસુ-વહુના ઝઘડા ભારે છે... બાંધી મુઠ્ઠી લાખની... જવા દો! ભાઇ! આપણે ક્યાં પારકી પંચાત કરવી, એમના ઘરનું એ જાણે... ભગવાન સૌનુ ભલું કરે...' દુર્જનતા ભરેલા વિચારોને અંતે ભગવાનને યાદ કરીને પોતાની જાતને સારી સાબિત કરનારા, પોતાની જાતને સારી માની લેનારા આવા મિથ્યાત્વીઓનું શું થશે? સંસારમાં બસ, આવું જ ચાલ્યા કરે છે.



''અંધારું હતું અમારા કુળમાં! આ એક જ્યોત પ્રગટી છે અમારા કુળમાં! એટલે અમે એનું નામ રાખીએ છીએ કુળ દીપક...!'' નામકરણના દિવસે બધાને સારો નાસ્તો કરાવ્યા બાદ છલ્લે નામ જાહેર કરવામાં આવ્યું એ બાળકનું!

બાપ પાસે પૈસાની કમી ન હતી. મોટો પાર્ટી પ્લોટ લીધો હતો. ચારસો માણસોને આમંત્રણ આપ્યું હતું. 'વ્યાખ્યાનમાં પધારજો' એવા આમંત્રણોની સરિયામ ઉપેક્ષા કરનારાઓએ ક્યારેય આવા બાહ્ય આમંત્રણોની ઉપેક્ષા નથી કરી, ઔચિત્ય ચૂક્યા નથી, બરાબર ભાગ લીધો છે, નાસ્તાને બરાબર ન્યાય આપ્યો છે, આખા પરિવારને સાથે લઇને ગયા છે, Ready થઇને ગયા છે.

***''મોટા માણસો સાથે સંબંધ સાચવવો પડે. ભવિષ્યમાં ક્યારેક કામ આવે''.*** આવું માનનારા આ સમજુ સમાજને એ ભાન નથી કે ''ભગવાન, ગુરુ અને જિનવચન કરતા દુનિયામાં બીજું મોટું છે કોણ?'' અરે, એના કરોડમાં ભાગેપણ કોઇ નથી. તો આ ત્રણ સાથેનો સંબંધ તો સાચવો! એ તો ૧૦૦% કામ આવશે.

અષ્ટપ્રકારી પૂજા અને સ્તુતિ સ્તવન દ્વારા પ્રભુનો સંબંધ, ગુરુસત્સંગ દ્વારા ગુરુનો સંબંધ, પુસ્તક વાંચન, જિનવચન શ્રવણ દ્વારા જિનવચનનો સંબંધ... પણ પણ પણ... અત્યંત ડાહ્યો ગણાતો આ જૈનસમાજ આજે ક્યાં છે?

એમના ગુરુપદે બેઠેલા અમે રડીએ કે શું કરીએ?

એમને સમજાવીએ, તો ય માનનાર કોણ છે? છે કોઇનામાં ખુમારી જિનવચનોની?

એ સંસારી મોટાઓના સંબંધ સાચવવા માટે કેટલા પાપમાં ઉતરશે આ મારા પ્યારા જૈનો!

પાર્ટી પ્લોટનો એ રાતનો કાર્યક્રમ!

ગર્ભવતીને પેટ પર લાત મારો, અને જે પીડા થાય એના કરતા પણ અતિભયંકર પીડા થાય એ નીચેના ઘાસના જીવોને... પણ એ ચારસો લોકોએ, જીવદયાપ્રેમી એ જૈનોએ આનો વિચાર કર્યો? બધા મસ્તીથી મહાલતા હતા એ ઘાસ ઉપર! **''અબોલ પશુઓ કરે પોકાર'** એવા સ્ટીકરો દ્વારા પાંજરાપોળ માટે કરોડો રુપિયા ભેગા કરનારાઓને આ અબોલ ઘાસના જીવોનો પોકાર ન સંભળાયો ને? કાન બહેરા બની ગયા ને પાર્ટીમાં, સંગીતના અવાજમાં!

ના, ના, ના! મારી જ ભૂલ થઇ. એ અબોલ પશુઓ પણ અસ્પષ્ટ ભાષા તો બોલે જ છે, ચીસો પાડે છે, દુઃખ વ્યક્ત કરે છે. એટલે એમને માટે કરુણા જાગે. આ ઘાસ તો બિચારું એકેંદ્રિય છે. જીભ જ નથી, શું બુમ પાડે? પછી એમની વેદનાનો ખ્યાલ પશુઓની કરુણા કરનારા જૈનોને ન આવે, એ તો સ્વાભાવિક છે. એમાં એ જૈનોનો દોષ નથી. એ તો બિચારા ઘાસનો દોષ કે એની પાસે જીભ નથી.

**''બોલ્યા વિના તો ભાઇ! મા પણ ન પીરસે...''** એમ તમારા બોલ્યા વિના ઘાસ! તમને કોઇ નહિ બચાવે. હવે મરવાનું જ તમારું ભાગ્ય છે. તો આર્તધ્યાન ન કરતા હં! આ જૈનો ઉપર ગુસ્સો ન કરતા.

ઘાસ! માફી આપી દેજો એમને.

ઘાસ! એમ સમજજો કે એમને સુખ આપવામાં તમે નિમિત્ત બન્યા, સાધર્મિક ભક્તિનો મોટો લાભ મળ્યો તમને.

ઘાસ! કદાચ મનુષ્યગતિની પ્રાપ્તિ થશે તમને.

ઘાસ! એમાં પણ જૈન પરિવારમાં જન્મ મળશે તમને.

ઘાસ! કદાચ તમારા જન્મ વખતે તમારા મા-બાપ જે પાર્ટી રાખશે, એમાં તમારા નિમિતે બીજા ઘણા બધા ઘાસના જીવોને સેંકડો જૈનોની સાધર્મિક ભક્તિ કરવાનો લાભ મળશે.

ઘાસ! તો તમે દુ:ખી ન થતા.

ઘાસ! હસજો, સહન કરજો, નિયતિને સલામ કરજો ઘાસ!

કેટલો ખર્ચ થયો ''એ કુલદીપક'' પાછળ ખબર છે? બાપ સુખી હતો, વર્ષો પછી ઇચ્છા પૂરી થઇ હતી, એટલે પાછું વાળીને જોયું ન હતું. દસેક લાખ રૂપિયાનો ધૂમાડો કરી નાંખ્યો...

બધા સારી સારી Gift લઇને જ આવેલા. મા-બાપ સહર્ષ સ્વીકારતા ગયા. ''જમીને જ જજો'' એવો ભારપૂર્વક આગ્રહ કરતા ગયા. એક-એક સાથે ફોટો લેતા ગયા. મુવી ઉતારવાની તો ચાલુ જ હતી.

વિચાર આવે છે એક નવો! આવી પાર્ટીઓમાં ક્યારેય ખાલી હાથે નહિ જનારાઓ પ્રભુના મંદિરમાં ખાલી હાથે કેમ જતા હશે? ગુરુ પાસે ખાલી હાથે કેમ જતા હશે? સંઘના સાધારણ ખાતામાં પૈસા આપવામાં એમને ઉપેક્ષાભાવ કેમ આવતો હશે? શું છે આ? મોહનીયકર્મનું આ ભયાનક કારસ્તાન નથી? કેવી ગુલામી આ જીવોની!

મા ઉભી હતી બાળક પાસે! કુળદીપક પાસે! ફોટો લેતી વખતે મા પોતાના હાથમાં ઉંચકી લેતી. એ સિવાય તો એને સંભાળનારી નોકરાણી હાજર જ હતી. મા આજના પ્રોગ્રામની હિરોઇન હતી. એ પેલા બાળકમાં ધ્યાન આપે કે ચારસો મહેમાનોમાં? બાળક તો છે જ,

આખી જિંદગી! આ ચારસો તો ક્યારેક જ આવે, મહેમાન છે.... બધા વ્યવહાર તો સાચવાવા પડે ને?

હા! ચાલુ પ્રોગ્રામમાં કુલદીપક સંડાસ-બાથરૂમ કરે, તો પ્રોગ્રામ બગડે, એ તો ન જ ચાલે. એટલે ડાઇપર પહેરાવીને જ રાખ્યું છે. પાર્ટીના સમય દરમ્યાન કોઇ ચિંતા જ નહિ.

હા! માને દીકરા પ્રત્યે પ્રેમ અગાધ છે, પણ સાથે વિવેક પણ છે ને? સમાજમાં રહીએ, તો સમાજ સાથેનો વ્યવહાર સાચવવાનો જ. કરોડપતિ ઘરની પુત્રવધુ પાર્ટીમાં દીકરાના સંડાસ-બાથરૂમ સાફ કરે એ સારું થોડું લાગે? દીકરા ઉપર પુષ્કળ પ્રેમ છે, પણ એના સંડાસ બાથરૂમ પર નહિ, એમાં ય પાર્ટીમાં તો બિલકુલ નહિ. મેનર્સ જોઇએ, ભાઇ!

રાત્રે બાર વાગ્યા સુધી પાર્ટી ચાલી, આખરે બધા વિદાય થયા.

કોઇ ઇર્ષાની આગમાં જલતા,

કોઇ નાની નાની વાતોની નિંદા-ટીકા કરતા,

કોઇ વળી સજ્જનો ભૌતિકસુખોની તારીફ કરતા,

કોઇ વળી વ્યવહાર સાચવ્યાનો સંતોષ માનતા,

કોઇ વળી પાર્ટીના થાકથી થાકીને ઉંઘવાની તીવ્ર ઇચ્છાને મગજમાં લઇને ચાલતા... વિદાય થયા.

બહારનો વ્યવહાર સાવ અલગ, અંદરનો વ્યવહાર સાવ અલગ! એક શરીરમાં બે આત્મા જોઇ લો.

બોલવામાં-ચાલવામાં સજ્જનનો અવતાર! અને મનના વિચારોમાં?

ઇર્ષા ય ખોટી અને આવી પાપમય પાર્ટીઓની સંસારસુખોની પ્રશંસા ય ખોટી! અરે, ત્યાં હાજરી આપી આ મહાપાપમા અનુમોદના આપવી એ ય ખોટી!

બાળકને તો બિચારાને પાર્ટીનું ભૌતિક સુખ પણ શાનું ? એ તો બિચારું વચ્ચે વચ્ચે આ ઘોંઘાટથી ત્રાસ પામતું હતું, શાંતિથી ઉંઘી શકતું ન હતું, વચ્ચેવચ્ચે રડી પડતું હતું, નોકરાણી કે હિરોઈન મા એને શાંત રાખતી હતી.

એ બિચારાઓને બાળક શી રીતે સમજાવે કે ''Please ! મને આ નરકમાંથી ઘરે લઈ જાઓ, નીરવ શાંતિ વચ્ચે સુવા દો. તમારું સંગીત મારા માટે ત્રાસ દેતી પશુની ત્રાડ છે. ગધેડાના ''હોંચી' અવાજ છે. મારે શું લેવા દેવા આની સાથે ? મારા નિમિત્તે ચારસો સુખ પામે, પણ મારે દુઃખી થવાનું? મારો ગુન્હો શું? મુક્તિ આપો મને તમારી એ પાર્ટી જેલમાંથી!''

''બાળક!

જન્મ લીધો એ જ તારો અપરાધ !

એમાં વળી સુખી પરિવાર ને ત્યાં જન્મ્યો,

બિન-સંસ્કારી આધુનિક પરિવારમાં જન્મ્યો,

એકનો એક જન્મ્યો આજ તારો મોટો અપરાધ !

હવે તો તારે સહન ઘણું કરવું જ પડવાનું, માતા-પિતાનો વધારે પડતો પ્રેમ એ જ તારું બંધન ! તારી જેલ !

તું તારી મરજી પ્રમાણે ફરી નહી શકે. ડર લાગશે મા-બાપ ને *''આને કઈ થઈ જશે તો ?''*

તું તારી મરજી પ્રમાણે ખાય-પી નહી શકે. ડર લાગશે મા-બાપ ને *''આને કઈ થઈ જશે તો?''*

એમના ભાવો ભલે સારા, પણ તારી ઈચ્છાઓનું તો કચુંબર જ કરનારા...

હવે તો તારે સહન કરવાનું જ છે. સહન કરતો રહે ચુપચાપ !

એમ જ સમજ કે તારા જન્મ નિમિત્તે જ પેલા ઘાસનાં જીવોને દુઃખ પહોંચ્યું છે...ને? એટલે એનાં ફળરૂપે તારે ઘણું બધું સહન કરવું

જ પડશે... તારા પાપ કપાશે, સાધના છે તારા માટે... દીક્ષા ન મળે તો ય તારી સાધના ચાલુ હં!''

પાર્ટીમાં ડાન્સ પણ રાખવામાં આવેલો હતો... મેક-અપ કરીને આવેલી છોકરીઓ, યુવતીઓ, સ્ત્રીઓ, મનુષ્યલોકની દેવાંગનાઓ, અપ્સરાઓ બની ચુકી હતી. એમના ઉદ્ભટ કપડાઓ એમના આકર્ષણમાં વધારો કરી રહ્યા હતા. અત્તરની સુગંધ શરાબના નશાનું કામ કરી રહી હતી.

શું પડી હતી એમને શીલની?

શું પડી હતી એમને લાજ શરમની?

શું પડી હતી એમને પરાયા પુરુષોની ખરાબ નજરની ?

પેલા પારકા પુરુષો એમને કશું જ કરી શકવાના ન હતા. કદાચ વાતચિત પણ નહિ, તો સ્પર્શ કરવાની તો વાત દૂર જ... પણ એ પારકા પુરુષો કામુક નજરે કુળવાન સ્ત્રીનું મુખ નિહાળવાના હતા. નાચતી વખતના એમના અંગમરોડ નિહાળવાના હતા.

આમ પણ કપડા ઉદ્ભટ હોવાથી ઘણું દેખાતું હતું, એમાં વળી નાચતી વખતે ઉપસેલા અંગો વધુ ઉપસી આવવાના હતા. લાજ ઢાંકતું વસ્ત્ર પણ જરાક આઘું પાછું થવાનું જ હતું અને તરત એ કામુક નજરો શિકાર કરવાની જ હતી.

કાયાથી સ્પર્શ પણ ન કરી શકનારા એ પરાયા પુરુષો *'લીપસ્ટીકવાળા આ હોઠને... ઉપસેલા અને નાચ કરવાથી વધુ ઉપસી આવતા આ સ્તનને... આ, પાછળ ખુલ્લા દેખાતા પીઠનાં ઉપર નીચેના ભાગ ને... આ પેટનાં ભાગ ને...'* કેવા કેવા કેવા ખરાબ વિચારોમાં ડૂબી જવાના એ પરાયા પુરુષો !

આ વિચારો તો **આગ** છે, આત્માના બ્રહ્મચર્યગુણને રાખ કરનારી....

આ વિચારો તો **ખાંઈ** છે, આત્માના બ્રહ્મચર્યગુણને ગળી જનારી....

આ વિચારો તો **રાક્ષસ** છે, આત્માના બ્રહ્મચર્યગુણને ખાઈ જનારો....

આ વિચારો તો...આ વિચારો તો...આ વિચારો તો...

હે ભગવાન ! માફ કરજે ઈ નાચાનારીઓને, એ ઉદ્ભટકપડાવાળીઓને, એ મહાકામી બની ગયેલા પુરુષોને...

ત્યાં ને ત્યાં જ વસ્ત્રની અંદર પોતાની શક્તિ ગુમાવી દેનારા એ કામી પુરુષોને !

દોષ પ્રભુ ! એમનો નથી, પેલા મોહરાજનો છે.

પત્નીનાં કાળા લાંબા વાળમાં રાગ થવાના કારણે એ જ વાળમાં જુ બનનારા પતિની ઘટના સાંભળીને વિચાર આવે છે કે આ વ્યભિચારી મનવાળાં કામીપુરુષોની ઉત્પતિ ક્યાં?

એ જ સ્ત્રીના પેટના વિષ્ટામાં કરમિયા તરીકે? કે પછી આ જ કામી પુરુષો એવા જીવ બનશે, જેમની ચરબી વગેરેમાંથી લીપ્સ્ટીક બનતી હોય અને આ જીવો પણ આ રીતે લીપ્સ્ટીક બનીને એ સ્ત્રીનાં હોઠ ઉપર લાગશે ? ઈચ્છા હતી ને એમને એ હોઠ ...!

એ જ પુરુષ મરીને ચામડી ઉપર લગાવવાનો એવો કોઈ પાવડર બનશે અને એ સ્ત્રીની પીઠ ઉપર લાગશે ? ઈચ્છા હતી ને એ પુરુષની એ સ્ત્રી ની પીઠ ઉપર...!

એ સ્ત્રીઓએ ખરેખર નાગણનું કામ કર્યું પોતાના મેક-અપ, પોતાના ઉદ્ભટ કપડા, પોતાના નાચ ગાન, અંગમરોડ આદિ ફેણ દ્વારા રાગ નામનું, ખદબદ ખદબદ થતા વિકાર નામનું ઝેર પુરુષોના હૃદયમાં ઉતારી દીધું. પછી બિચારા એ પુરુષોનાં બ્રહ્મચર્યનું મરણ ન થાય, એ જ આશ્ચર્ય !

એ પુરુષોમાં સગો ભાઈ પણ હોઈ શકે, કઝીનભાઈ પણ હોઈ શકે, ત્યાં પીરસનારાઓ પણ હોઈ શકે, ઓફીસનો સ્ટાફ પણ હોઈ શકે, સગો બાપ પણ કદાચ હોઈ શકે,.... કામવિકારોના સંસ્કારો એ ક્યારેય પવિત્રસંબંધોની પણ શરમ રાખી નથી.

હા ! કાયામાં રાખી છે, મનમાં નહિ. મનથી તો બધા બધે જ દોડ્યા છે. સગો બાપ સગી બેટીમાં પણ, સગો ભાઈ સગી બહેનમાં પણ, સગો દીકરો સગી મા માં પણ ... ઇતિહાસ ખરડાયેલો છે, આવા અનાચારોથી...

કશું આશ્ચર્ય ન માનતા. ઈતિહાસ તો આવા પવિત્રતમ સંબંધોમાં પણ કાયિક પાપોથી ખરડાયેલો છે, તો માનસિક પાપોની તો વાત જ શી કરવી ?

જુઓ...જુઓ...જુઓ...

વ્યવહારમાં તો એક સ્ત્રી સાથે એક સમયે એક જ પુરુષ સંસાર ભોગવી શકે .

પણ નિશ્ચયથી !

રુપવાન, ઉદ્ભટ વસ્ત્રવાન, મેક-અપવાન નાચનારી એ સ્ત્રીને કદાચ અનેકાનેક પુરુષો જોઈ રહ્યા છે, અનેકાનેક પુરુષો મનથી એને ભોગવી રહ્યા છે, મુવીમાં એક હિરોઈન સાથે કદાચ કરોડો પુરુષો એક સાથે મનથી ભોગ ભોગવી રહ્યા છે.



કાયાના પવિત્ર એ પુરુષો મનથી તો કેવાં વ્યભિચાર કરી ચુક્યા ? ના ના ! વ્યભિચાર નહિ, પણ બલાત્કાર જ કરી ચુક્યા.

પરાયી સ્ત્રીની સંમતિ લઈને સુખ ભોગવે તો **વ્યભિચાર** ! પરાયી સ્ત્રીની સંમતી વિના સુખ ભોગવે તો **બલાત્કાર** !

હા ! એ સ્ત્રીઓ તો ભણેલી છે, આ કામુકતાની દુનિયાની અનુભવી છે. રુપથી + મેક-અપથી + આકર્ષક કપડાથી + અંગમરોડથી + સુસ્વર = ગીતથી પુરુષોને કામવિકાર જાગે, વધે, ખુબ વધે... એ બધો એમને તો ખ્યાલ છે જ. એ કંઈ બિન અનુભવી નથી, આ દુનિયામાં સાવ નવી નથી. બધુ સમજી ચૂકેલી છે.

અને આમ છતાં એ સ્ત્રીઓ આ બધું જ કરે છે, તો એનો મતલબ શું થયો ? આ સ્ત્રીઓ અંદરખાને મનથી, છૂટ આપીને બેઠી છે કે ***''પરાયા પુરુષો અમને જુએ, અંગોને જુએ, મનથી એ અંગો સાથે બધું કરે.... કાયાથી નહિ...'***

અરેરે ! જો આવું હોય તો તો પરાયા પુરુષોને મનથી આ બધા પાપો કરવાની સંમતિ એ સ્ત્રીઓએ આપી દીધી છે, એટલે એમને બળાત્કારનો દોષ નહિ, પણ વ્યભિચારનો દોષ લાગે.

પણ તો પછી આ સ્ત્રીઓને કયો દોષ ? એમણે એ પરાયા પુરુષોને પોતાના સાથે મનથી છુટ આપી જ દીધી ને ? એટલે કે આ સ્ત્રીઓ પણ કાયાથી વ્યભિચારી નથી, પણ મનથી તો વ્યભિચારી બની જ ગઈ ને ?

સાવ જ સીધી વાત...

પરાયો પુરુષ પોતાની સાથે કાયાથી કંઈપણ કરે એ એને મંજુર નથી, માટે જ એ પરાયા પુરુષને સ્પર્શ નથી કરવા દેતી, નજીક નથી આવવા દેતી, એ પરાયા પુરુષથી દૂર રહે છે, એ પરાયો પુરુષ જો નજીક આવવા જાય તો થપ્પડ પણ મારી દે છે, કેમ ?

કેમ કે સ્ત્રીની ઈચ્છા નથી કે ''પરાયો પુરુષ મારી સાથે કાયાથી પાપ કરે,'' અને એટલે જ કાયાથી પાપના જે જે નિમિત્તો છે એ બધાથી એ દૂર જ રહે છે.

એમ જો સ્ત્રીને આવી ભાવના હોત કે ''પરાયો પુરુષ મારી સાથે મનથી પણ ભોગ ભોગવે, એ મને મંજુર નથી. કાયાથી પણ નહિ, મનથી પણ નહિ.'' તો એ સ્ત્રી એ માટેની મહેનત કરત ને ?

પરાયા પુરુષ સાથે વાતચિત, સ્પર્શ, નજીક આવવા દેવો, Hug-Kiss આ બધું ધીરે ધીરે આગળ વધતું જાય.. એનાથી બચવા માટે સ્ત્રી સ્પર્શાદિથી દૂર જ રહેશે.

એમ સ્ત્રીને ખબર જ છે કે ''રુપ તો મારું હું બદલી શકવાની નથી, પણ એમાં જે શણગાર કરું છું, મેક-અપ કરું છું, પાવડર - લીપ્સ્ટીક - વાળની વિશિષ્ટ સ્ટાઈલ, ચાંદલો .... વગેરે કરું છું, આકર્ષક કપડા પહેરું છું, નાચ ગાન કરું છું... આ બધાથી જ તો એ પુરુષ મારો મનથી ભોગ કરે છે ને ! મને એ જો પસંદ નથી, તો મારે આ બધું ન જ કરવું જોઈએ.''

**"પુરુષો મારો કાયિક ભોગ ન કરે એ માટે એમનો સ્પર્શ વગેરે બંધ !**
**એમ પુરુષો મારો માનસિક ભોગ ના કરે, એ માટે મેક-અપ, ઉદ્ભટ વેષ, નાચ-ગાન બંધ !"**

પણ જો આવી તૈયારી ન હોય, ઉલટું વધુને વધુ સારો મેક-અપ, વધુને વધુ સારા ઉદ્ભટ કપડા, વધુને વધુ અંગમરોડવાળા નાચ-ગાન... આ બધું સ્ત્રી કરતી હોય, તો શું સમજવું ?

પરાયા પુરુષનો પરિચય, સ્પર્શાદિ કરનાર સ્ત્રી માટે શું માનવું? કે એ સ્ત્રી એની સાથેના કાયિક સુખ માટે તૈયાર છે ને!

એમ પરાયા પુરુષો જોતા હોય, એમને ખરાબ વિચારો આવવાના છે, એ ખબર હોય, છતાં એ સ્ત્રી એમને બધાને માનસિક ભોગની સંમતિ આપે છે તો... શું માનવું ?

અને કાયિક ભોગની સંમતિ આપનાર સ્ત્રી જેમ કાયિક સુખથી વ્યભિચારીણી છે, એમ માનસિક ભોગની સંમતિ આપનાર સ્ત્રી માનસિક ભોગથી વ્યભિચારીણી બને જ ને !

તો બોલો હવે ? શું માનવું? આવી ખાનદાન સ્ત્રીઓને પણ માનસિક વ્યભિચારી માનવી ? શું મંજુર છે એ શીલવાન સ્ત્રીઓને માનસિક વ્યભિચારીણીનું બિરુદ !

જમીન પર કીડી દેખાય અને ખબર પડે કે અહીં પગ મુકીશ તો કીડી મરી જશે, તો આપણે જો જીવદયાનો પરિણામ હોય તો ત્યાં પગ જ ન મુકીએ ને ?

એમ સ્ત્રીઓને ખબર પડે કે "આપના મેક-અપ આદિથી બિચારા પરાયા પુરુષો માનસિક મહાપાપમાં ફસાય છે, તેઓનું બ્રહ્મચર્ય મરે છે," તો જો એમના પ્રત્યે કરુણાનો પરિણામ હોય, તો સ્ત્રીઓ મેક-અપ આદિ ન જ કરે ને ?

કીડી મરે તો તો એનું એક જ મોત...

બ્રહ્મચર્ય મનથી પણ મરે, તો ય કરોડો મોત... એ બિચારા પુરુષો દુર્ગતિઓમાં આવા પાપોનાં કારણે કેટલીવાર મરશે ને ?

જીવદયાનાં પરિણામથી કીડીને બચાવો છો, તો જીવદયાનાં પરિણામથી પુરુષોને નહીં બચાવે આ કુળવાન જીવદયા પ્રેમી સ્ત્રીઓ !

એમનો મેક-અપ, ઉદ્ભટ કપડા, નાચ ગાન એ બધા જ હથિયારો છે મોહરાજના, બિચારા પુરુષોને ખતમ કરવા માટે ના !

શું કોમળ સ્ત્રીઓ આટલી બધી ક્રૂર બની શકે ?

Please ! એવો બચાવ ન કરશો કે ''અમે શું કરીયે ? એ પુરુષોના સંસ્કારો જ ખરાબ હોય તો !''

કીડીનું પાપ કર્મ તો હતું જ, માટે જ એ કીડી બની અને મરી, પણ એને મારવામાં જે નિમિત્ત બને, જે પ્રમાદથી કે નિષ્ઠુરતાથી એને મારે એ હિંસક તો ગણાય જ.

એમ વાત તો મંજુર જ છે કે ''પુરુષોના સંસ્કારો ઘણા ખરાબ છે, ઘણાઘણા ખરાબ છે, માટે તેઓ વિકારી બને છે,'' પણ એમાં આ સ્ત્રીઓ નિમિત્ત બની ને ? હાથે કરીને એમના સંસ્કારોને ઉત્તેજન આપ્યું ને? તો સ્ત્રીઓની પણ ફરજ ગણાય ને?



એ પુરુષોના લાંબા સંસારમાં થનારા અનેકાનેક મોતનું કારણ જ ગણાય ને ?

કેમ નથી આવતો એ પુરુષો પ્રત્યેનો કરુણા પરિણામ એમને?

ફરક એટલો ખરો કે પુરુષે કાયાથી પાપ કરવું હોય તો એને સ્ત્રીની જરૂર પડશે, સ્ત્રીની સહાયની જરૂર પડશે, જ્યાં મનથી પાપ કરવાં માટે પુરુષ સ્વતંત્ર છે. હા ! એમાં પણ એ પુરુષને સ્ત્રીના મેક-અપાદિની સહાય તો મોટોભાગ ભજવે જ છે.

હું આ અત્યારે લખતી વખતે કોઈ જૈન પરિવારની દીકરી-શ્રાવિકા નાચતી હોવાની કલ્પના પણ કરુ છું, તો મન કંપી ઉઠે છે... એમાં ય એના ઉપર પડતી એ યુવાનોની કામુક નજરની કલ્પના કરું છું, તો મન કંપી રડી ઉઠે  છે... જાણે અનેક શિકારીઓ એક હરણી ઉપર ભાલા ભોંકી રહ્યા છે...  સહન કરવું અઘરું પડે છે આ કલ્પનાઓનું દુઃખ ! માટે જ આંખો મજબુતાઈથી બંધ કરીને માથું હલાવીને એ કલ્પના દ્રશ્યને ખંખેરી નાખવાની મહેનત કરુ છું.

પણ ચાલે છે આ જ નાચ બધે જ ! લગ્નોમાં પણ, નવરાત્રીમાં પણ, કોલેજના ફંકશનોમાં પણ, દીક્ષાના વરઘોડામાં પણ, ચાતુર્માસ પ્રવેશનાં સામૈયામાં પણ... હાય !

ચૈત્યવંદન ભાષ્ય ભણી ચુકેલા કે એ સિવાય પણ ચૈત્યવંદનની વિધિ જાની ચુકેલા એ શ્રાવિકા બહેનોને હું નમ્રભાવે, સાચાભાવે પૂછું છું ''તમને **જયવીયરાય**માં હાથ ઉંચા કરવાની છૂટ નથી, કપાળ પર લગાડવાની છૂટ નથી... એ તો ખ્યાલ છે ને ? શા માટે ?''

કારણ કે ''જો હાથ ઊંચા કરશે તો મર્યાદાભંગ થશે.. સ્ત્રી માટે એ ઉચિત નથી.'' બરાબર ને ? તો હવે બહેનો! વિચારો તો ખરા. જોડેલા હાથ માત્ર કપાળ સુધી ઉંચા કરવામાં મર્યાદાનો ભંગ શું ? એમાં તો બંને હાથ જોડેલા જ છે, શરીર તો સંકોચાયેલું જ છે, બહેનો તો બેઠેલા જ છે, છતાં એમાં જે થોડો ઘણો પણ અંગમરોડ થયો, જે થોડાક પણ અંગ પ્રગટ થયા, જે થોડાક પણ અંગ ઉપસી આવ્યા... એ પણ શાસ્ત્રકારોને મંજુર નથી.

તો પછી ઉદ્ભટ કપડા અને એમાં ઉભા ઉભા નાચવું... એમાં શાસ્ત્રકારોને શું લાગશે ? તેઓ એના માટે શી રીતે હા પાડશે ? તેઓ આ બધું જોઈને સાંભળીને કેવા દુ:ખી થશે ?

ક્યાં અમારા આદર્શો અને ક્યાં અમારા શ્રાવિકાઓની વૃત્તિ-પ્રવૃત્તિ ?

રાગનો અંશ પણ શ્રાવિકાઓના કારણે પુરુષોને ન જાગે, એવી મહાપુરુષોની ભાવના ક્યાં ? અને રાગનો ખારો ખારો સાગર, પુરુષોને આંખોમાં, હૃદયમાં, રોમેરોમમાં, પ્રદેશે પ્રદેશમાં ઉત્પન્ન કરનારી આ સ્ત્રીઓની વિચિત્ર પ્રવૃત્તિઓ ક્યાં ?

બાળકના જન્મોત્સવે આવેલા એ પુરુષો બાળકને ભૂલીને નાચનારી સ્ત્રીઓના કામગાર રુપનો નશો કરતા રહ્યા, સ્ત્રીઓ એમને આ જ શરાબ પીવડાવતી રહી... બંને ભાન ભૂલ્યા... બંને નીચકુળનાં બન્યા.. અને અને અને ...

આ રીતે મહાન જૈનપરિવારમાં જન્મેલા બાળકનો મહોત્સવ સંપૂર્ણ થયો.

***

मौत ने एक दिन ठोकर मारी (२) माटी बिखर गई सारी (२)
मांग पोछकर माटी बोली, उजड़ी मेरी फूलवारी... (२)
माटी देख के ममता से, माटी रोकर टकराती...
माटी को कन्धा देकर, माटी श्मशान ले जाती...
माटी के सब बाजे बजते, माटी उसे बजाती...
माटी के सब सुननेवाले, माटी गीत सुनाती...
चाँद पे पहोंचा माटी का कण (२)
माटी उठाके लाया हो... माटी का भेद

કુળદીપક હજી તો અઢી વર્ષનો જ થયો હતો.

''પાપા'' બોલવાનું માંડ શીખ્યો હતો.

પપ્પાએ એ શબ્દનો મીઠો આસ્વાદ હજી માંડ માણ્યો હતો..

''દીકરાને મોટો કરશું, ભણાવશું, મોટો બિઝનેસમેન બનાવશું, લગ્ન કરાવશું, સારામાં સારી સારી છોકરી શોધશું...'' આવા આવા

સોહામણા સ્વપનાઓ હજી જીવતા હતા, ત્યાં જ એક દિવસ એ સપનાઓ જોનારો જ સપનાઓને જીવતા મૂકીને મરી ગયો...

રાત્રે ઊંઘેલો ૩૫ વર્ષનો એ યુવાન સવારે ઉઠ્યો જ નહીં. સાત વાગ્યા આસપાસ ઉઠી જતો પતિ આજે આઠ વાગ્યા છતા પણ હાલતો – ચાલતો પણ નથી, એ જોઈને પત્ની ઉઠાડવા ગઈ. ન ઉઠ્યો, તો ઢંઢોલવા લાગી. છતાં ન ઉઠ્યો, જોર જોર થી શરીર ઢંઢોલી નાખ્યું, પણ સામેથી કશો પ્રતિભાવ ન મળ્યો.

''મમ્મીજી'' એક જોરદાર ચીસ પાડી ઉઠી એ સ્ત્રી !

ભય પેસી ગયો એના મનમાં... ભવિષ્યના ભયાનક વિચારો આવવા લાગ્યા...

*''હજી તો ૩૩ની ઉંમર છે મારી, બાબો માંડ બે વર્ષનો... પપ્પાજી નથી... ધંધો કોણ સંભાળશે ? જિંદગી એટલે? કેટલા કેટલાનો સામનો કરવો ? બધા લોકો રુપ અને સંપત્તિ લુંટવા માટે રાહ જોઇને જ આ દુનિયામાં બેઠા હોય છે.નબાપા બાળકને મોટો કરવો આસન નથી... મમ્મીજીનો સ્વભાવ પણ... પતિ હતા, ત્યાં સુધી એ હોશિયારીપૂર્વક બધું સેટ કરી દેતા, પણ હવે તો એ નથી, મમ્મીજી સાથે મેળ નહીં પડે. પિયર જવું પણ અઘરું છે. ભાભીના કારણે ભાઈને ગમતું નથી મારું ત્યાં રહેવુ...''* એક પછી એક વિચારો આવતા જ ગયા અને આ બાજુ પતિના વિરહની વેદનાના આંસુઓ સતત વહેતા જ રહ્યાં.

રસ્તામાં પડેલા માટીના ઘડાને કોઇ બુટ પહેરેલા પગથી જોરથી લાત મારે અને એ ઘડો તુટી ફુટી જાય, ટુકડે ટુકડા થઇ જાય....

એમ મોતે આ પતિ નામની માટીને એક જોરદાર લાત મારી દીધી હતી. વિખેરાઇ ગઇ હતી. આ પતિ માટી! સ્મશાને ગયા પછી તો રાખની કણ કણ રુપે પરિણમવાનું હતું આ પતિનું પાર્થિવ શરીર !

કરપીણ ચીસ સાંભળીને મમ્મીજી દોડી આવ્યા. એ સાસુ ભલે હતા પણ એ તો વહુ માટે ... દીકરા માટે તો મા જ હતા, લાગણીનો ધોધ અખંડીત વહેતો હતો અંતરમાં...

વહુને થોડી સાંત્વના આપીને મમ્મીજીએ તરત ડોકટરને બોલાવ્યા,''કદાચ અંદર ખાને જીવ હોય અને બચી જાય તો..'' એવી

એકમાત્ર નાનકડી આશા હજી પણ જીવતી હતી.

"Sorry..." ચેક કર્યા બાદ ડોકટરે એક જ શબ્દનો ઉચ્ચાર કર્યો અને રહી સહી આશા પણ જ્યારે ભાંગી પડી, ત્યારે પત્નીના આઘાતનો કોઇ પાર ન રહ્યો. વહેલી સવારે માથામાં ભરેલું સિંદુર પોતાના હાથે જ ભૂંસી નાખ્યું એ સ્ત્રીએ...

સમાજના વડીલો ભેગા થયેલા હતા, એટલે પત્ની તો અંદરના રુદનને આંસુ દ્વારા બહાર વહાવતી રહી, પણ અંદરના આઘાતને બહાર ન કાઢી શકી. રિબાતી રહી એ આઘાતથી મનમાં ને મનમાં...

હા ! મા ને સમાજની શરમ હતી, એટલે એ રડી તો શકી, સાથે સાથે અંદરનો આઘાત પણ બહાર નિકાળી શકી....

દીકરાના દેહ ઉપર માથું ઢાળી દીધું મા એ...

બે હાથ માથું અને છાતી કૂટવા લાગી એ મા...

બધાએ મા ના બે હાથ પકડી લીધા, રોકી લીધી એને ...

પણ આઘાત અસહ્ય હતો. અચાનક જ મા ઊભી થઈને બધાને ધક્કો મારીને દોડવા લાગી, ખરેખર તો એને પોતાને જ ભાન ન હતું કે એ શું કરી રહી છે. બસ ! આમ જ આઘાતે એને પાગલ જેવી બનાવી દીધી હતી.

દીવાલ સાથે ટકરાવી દીધું એને માથું... એકવાર, બે વાર ... લોહીની ધાર વહી.. આજુબાજુના લોકો તરત ત્યાં પહોંચી ગયા, અને માંડ માંડ માને રોકી, પણ અશ્રુધાર તો મમ્મીની કે પત્નીની કોઈ ન રોકી શક્યું. એ તો એક જ વ્યક્તિ રોકી શકશે ‘‘કાળ !’’

સમય થઇ ગયો. મૃતક ઉપર ગમે એટલો પ્રેમ હોય, તો ય એને વધારે સમય રખાય નહીં. અરે! એ જ મમ્મી - પત્નીને પૂછશું ને, ‘‘આટલો બધો પ્રેમ છે તો ભલે... આ મૃતકને ઘરે જ રાખીએ. ઘરમાંથી એને લઇ જતી વખતે તમે ખૂબ જ રડો છો, તો એને લઇ જતાં નથી.’’ તો શું એ તૈયાર થઈ જશે મૃતકને ઘરે રાખવા માટે ?

અરે, બે દિવસમાં તો એમાંથી એવી ભયાનક દુર્ગંધ આવવા માંડશે કે નાક ફાટી જાય, કીડાઓ જન્મ લેતા જ હોય છે એમાં... છેવટે

એ બંને જણે ગીત ગાવું જ પડે ***''કાઢો રે કાઢો એને સહુ કહે ...'***

એમને પૂછવામાં આવે ''તમારા ઘરમાં જ નાનકડા કોલ્ડ સ્ટોરેજ જેવી વ્યવસ્થા કરી દઈએ. સરકાર જેમ અમુક મૃતકોને આ રીતે સાચવે છે, એ રીતે તમે તમારા જ ઘરે એને સાચવો... તમે જ્યારે ઇચ્છો ત્યારે એને જોઈ શકશો જ... હા! એ બોલશે નહીં, ચાલશે નહીં.. પણ એમાં ફરક શું પડે છે? તમારે એમ જ સમજવાનું કે ''આ તો અત્યારે ઊંઘી ગયેલો છે..'' ઊંઘેલા અને મરેલામાં તત્કાળ તો કોઇ જ ફરક નથી હોતો ને!''

શું તૈયાર થશે કોઈ મમ્મી-પત્ની આ રીતે પોતાના મૃતક દીકરા-પતિને સાચવવા માટે ??? જરાક પૂછી તો જો-જો... જવાબ સાંભળીને જ ખ્યાલ આવી જશે.

જૂના જમાનાનો સમય... લાકડાની લાંબી દાંડિઓ દ્વારા ઠાઠડી તૈયાર કરવામાં આવી. મૃતક પપ્પાને- પતિને - દીકરાને એમાં ઊંઘાડવામાં આવ્યો. બે વર્ષનો બાળક તો આમાં કશું સમજે નહીં. એ તો આવું વિચિત્ર સ્વરૂપ પહેલીવાર જોઇ રહ્યો હતો. એ રડતો રડતો માની ગોદમાં સમાયો.

પતિના દુઃખની સાથે સાથે માની મમતાનું દુઃખ પણ ભેગું ભળ્યું, પણ એ ૩૩ વર્ષની મમ્મીએ દીકરાને શાંત રાખવાનું પોતાનું કર્તવ્ય નિભાવ્યું.

ચાર મજબુત માણસોએ ચારે બાજુથી ઠાઠડી ઉપાડી. મા-પત્નીના ચીત્કારો વધ્યા, પણ એની મજબુત મન રાખીને બધાએ ઉપેક્ષા કરી, સડસડાટ ચાલવા જ માંડ્યા ...

આજે ઠાઠડીની જગ્યા સાધુઓમાં પાલખીએ લીધી, ગૃહસ્થોમાં Ambulance એ લીધી. જાજો કસો ફરક પડ્યો નથી. કેટલાક સ્થાનોની રીતરસમ થોડી વિચિત્ર છે. જન્મ વખતે, લગ્ન વખતે, શરણાઇ વગાડનારાઓ મૃત્યુ વખતે પણ શરણાઇ વગાડે છે. કદાચ એમ માનીને કે 'મરનારો તો દેવલોકમાં ગયો છે, તો એનો આનંદ માણોને...' કદાચ એમ માનીને કે 'મરનારનો શોક પરિવારને વધુ પરેશાન ન કરે,

એ માટે ય શરણાઈ વગાડો...' કદાચ એમ માનીને કે 'શોકના સૂરોમાં વાગતી શરણાઇ સાંભળીને પરિવારનો શોક એ સૂરોની સાથે જ ધીરે ધીરે બહાર આવશે, ખાલી થશે...'

જે હોય તે પણ વાજિંત્રો વાગવા માંડ્યા.

પછી તો શોકના ગીતો ય ચાલુ થયા... શોકના ગીતો ગાનારીઓ જ આ કામ કરતી. એ કામ બધા માટે ન હતું... ઘણી જગ્યાએ તો આ ગીતો ગાવા માટે જ પૈસા અપાતા. આ પણ એક પ્રકારની નોકરી જ હતી... બધા સ્વજનો સાંભળતા એ ગીતોને અને પોતાનો શોક વ્યક્ત કરતાં.

આજની રસમ તો થોડી ઘણી બદલાઇ ગઈ છે.

પેલો ભલે મરે ગમે તે દિવસે, પણ એની શોકસભા તો રવિવારે જ રખાશે.

સમાજ, સ્વજનો જાણે કે ખુલ્લેઆમ બોલી દે છે કે ''જો રવિવાર સિવાય તમે શોકસભા રાખશો તો અમે નહીં આવીએ.'' અને માટે જ બધાની અનુકૂળતાને ધ્યાનમાં રાખી રવિવાર નક્કી કરવામાં આવે.

મરેલાની કિંમત કેટલી ? એ ય ખબર પડી જાય છે આના ઉપરથી.. મોટા આચાર્ય ભગવંતોની કાળધર્મ ગુણાનુવાદ સભા પણ રવિવારના દિવસે જ ...

***''અમને છુટ્ટી મળે છે, તો અમે ત્યારે શોક કરશું, પણ શોક કરવા માટે અમે ચાલુ દિવસોમાં છુટ્ટી લેવાના નથી જ...''***
આ છે આજના યુગની પોકાર!

બિચારા આ મરી ગયેલા પરિવારની આર્થિક સ્થિતિ સારી ના હોય, તો પણ એણે અમુક ખર્ચ તો કરવો જ પડે. એક તો મરેલાના વિયોગનું દુઃખ, બીજી તરફ આની પાછળ કરવા પડતાં બે-પાંચ લાખના ખર્ચ નું દુઃખ ! દેવું કરીને પણ પૈસા લાવવા પડે અને સમાજની સાવ નીચલી કક્ષાની રીત રસમો સાચવવી પડે...

મોટો હોલ ભાડે લેવો પડે, ભલે ૫૦૦૦૦ નું ભાડું લાગે...

સંગીતકારને બોલાવવો પડે, બધાને રડાવવા માટે, ભલે ૧.૫ લાખ લાગે...

જમણવાર તો રાખવો જ પડે, ભલે બે લાખનો ખર્ચો થાય ...

અરે ભાઇ ! બહારગામથી આવેલાઓ માટે જમણની વ્યવસ્થા કરવી પડે, એ તો હજી સમજ્યા... પણ સ્થાનિક લોકો માટે શું જરૂર? એમના તો ઘર અહી જ છે. તેઓ તો પોતાના ઘરે જઈ ખાઈ જ શકે છે ને, પણ ... બસ! બધાને એક મૃતકના નામે જલસા કરી લેવા છે જાણે... કોઈ માઈનો લાલ હજી પાક્યો નહીં કે જે બોલે કે ''મોતનું જમણ મારે ના મંજૂર !''

અને જમણમાં કેટલી વસ્તુ? રોટલી-શાક-દાળ-ભાત ચાર વસ્તુ ના ચાલે ? કોઈને એક શાક ના ભાવે તો? માટે બે-ત્રણ શાક બનાવવાના? પાપડ પણ આપવાના? ફરસાણ પણ આપવાનું... પંદર-વીસ આઈટમ ખડવાવાવી પડે?

અને ન ખવડાવીએ તો? ચાર-છ વસ્તુ જ રાખીએ તો? તો ઇજ્જત જાય? સમાજ આપણું ખરાબ બોલે. એમ? એટલે કે સમાજ એટલો બધો નીચ છે કે મરેલાની શોકસભા વખતના જમણ વખતે પણ મરેલાના શોકમગ્ન પરિવારની નિંદા-ટીકા કરે?

''ઓછી વસ્તુ બનાવી છે, પૈસા ઘટી ગયા લાગે છે, કંજૂસ છે?'' આવું બોલે? શું સમાજ આટલી હદે હલકો બની ગયો છે? તો એવા આ સમાજની પરવા તમે શા માટે કરો છો? આ બધા લક્ષણો તો ચંડાળ સમાજના કહેવાય, જૈન સમાજ ના તો બિલકુલ નહી.

કાં તો સમાજ ખરેખર આવો હલકો બની ગયો છે, અને તો પછી તમે તમારી જાતને હલકો થતી બચાવવા માટે આ સમાજથી દૂર જ થઇ જાઓ. ચંડાલનો સ્પર્શ ન કરાય, બરાબર ને ?

કાં તો સમાજ જો સારો જ હોય, તો તમે એના ઉપર ખોટો આરોપ મૂકો છો કે, ''અમે જમણ બરાબર ના કરીએ, તો સમાજ અમને પીંખી નાંખે...''

તો તો સમાજે જ વિરોધ કરવો જોઈએ કે ''આ અમારા ઉપરનો ખોટો આરોપ છે. અમે આવા ચંડાળ જેવા નથી. મોત ઉપર

મિજબાની ઉડાવનારા કાગડાઓ નથી, પશુઓ નથી, સમાજ છીએ. જૈન સમાજ છીએ, સમજદાર છીએ. માત્ર પેટ ભરવા માટે બે -ચાર વસ્તુ જ કાફી છે, એ પણ માત્ર બહારગામવાળા માટે ! સ્થાનિક લોકો માટે તો કશું જ નહીં, માત્ર સાદું પાણી! સરબત પણ નહીં.''

જો સમાજ વિરોધ ન કરે, તો સમાજ ઉપરનો આરોપ સાચો સાબિત થાય જ. કોર્ટમાં કોઇ આપણા ઉપર 'ચોર' વગેરે ખોટો આરોપ મૂકે અને આપણે એનો જવાબ ન આપીએ, વિરોધ ના નોંધાવીએ તો આપણે ચોર સાબિત થઈ જ ગયા ને ?

શોકસભામાં ગોઠવેલી ખુરશીઓ પર દસેક મિનિટ બેસે એ માનવંતા મહેમાનો, સફેદ કપડામાં શોભતા એ પ્રતિષ્ઠિત લોકો હંસ છે કે બગલા છે, એ તો તેઓ જ નિર્ણય કરે.

સાચો શોક હોય,સાચો વૈરાગ્ય હોય, એ પરિવારના દુઃખ સાથે હમદર્દીનો અનુભવ હોય તો ચોક્કસ એ શ્વેત વસ્ત્રધારીઓ હંસ !

નહીં તો ? રાજકારણીઓમાં અને આ બધામાં વિશેષ અંતર શું ? માત્ર શોકનો દેખાવ કરવા આવેલા, માત્ર હાજરી પુરાવા આવેલા, વ્યવહાર સાચવવા આવેલાઓ બગલા નથી તો બીજા શું છે ?

પણ આજે આખો સંસાર આવો સ્વાર્થી બનીને બેઠો છે...

કલેજાઓને કોતરી ખાધા છે સ્વાર્થ નામના ઉંદરડાઓએ...

હૃદય હાડકાં જેવો કઠોર બની ગયું છે સ્વાર્થની ભડભડતી આગમાં...

ચાલી જાય છે આ જ રીતે જિંદગી બધાની...

બધા જાણે છે, અનુભવે છે... છતાં મૌન ! ઉપેક્ષા ! પોતાના જીવનમાં પણ બદલાવ લાવવાની કોઈ તૈયારી નહીં... દસ મિનિટના શોકના દેખાવ બાદ પહોંચી જશે જમણહોલમાં !

''અમારું પણ એક દિવસ મૃત્યુ થશે'', એવો વૈરાગ્યમય વિચાર કેટલાને આવે?

''છેવટે તો આં સંસારની અસારતા સ્પષ્ટ દેખાય છે!'', એવો અસારતાનો બોધ કેટલાને થાએ?

''ચાલો ધર્મ કરીએ'' એવો સંવેગભાવ કેટલાને જાગે?

''શું થશે આ નબાપા દીકરાનું ? જુવાન પત્નીનું ?'' એવા કરુણાના આંસુ કોને ટપકે?

***''મૃતકનું ભોજન ? જલસાથી? ના,ના !''*** કોળિયો ગળાથી નીચે ન ઉતરે, એવું કેટલાને બને?

''આઇટમ ઓછી,'' ''સ્વાદ બરાબર નહીં,'' ''વ્યવસ્થા બરાબર નહીં,'' મોતના ભોજન ઉપર આવી આવી ફરિયાદ કરનારોઓને તો ભગવાન પણ માફ નહીં કરી શકે.

અરે! જ્યારે શ્મશાને એ યુવાનને સળગાવવા માટે બધા ભેગા થયા ને ત્યારે પણ...

→ કેટલાકોએ અંદરોઅંદર બિઝનેસની વાતો પણ કરી લીધી...

→ કેટલાકોએ એકબીજાના છોકરા-છોકરીના લગ્નની ચર્ચા પણ કરી લીધી...

→ કેટલાકોએ વેકેશનમાં ફરવા જવાનાં પ્લાન પણ બનાવી લીધા...

→ કેટલાકોએ એક બીજાની નાની -મોટી મજાક કરીને ખાનગીમાં હસી પણ લીધું...

→ કેટલાકોએ ''વ્યસની હતો, તો મરવાનો જ હતો...'' એ રીતે મૃતકની નિંદા પણ કરી લીધી...

આ બધા કોઈ ધબકતું ચૈતન્ય લઇને જીવનારા ઇન્સાન ના હતા...

આ બધા તો પાવરથી ચાલતા, જડ પત્થરના બનેલા રોબોટ ...

રાહ જ જોતાં હતા શ્મશાનમાંથી છૂટવાની-છટકવાની! લગભગ તમામ જેવો મોકો મળ્યો કે બધા જેલમાંથી છૂટેલા કેદીની જેમ ભાગ્યા...

કેટલાકો સીધા ઓફિસે, કેટલાકો સીધા કોઈના લગ્નમાં, કેટલાકો ક્રિકેટ વગેરે રમતમાં ભાગ લેવા, કેટલાકો દોસ્તોને મળવા...

હે આતમાં! તું કોણા ઉપર રાગ કરે છે ? શા માટે રાગ કરે છે ? કેમ સમજતો નથી?

યાદ કરો ,

મારી ગયેલો પતિ, એનો પાર્થિવ દેહ પુદ્ગલ !
સિંદુર ભૂંસતી રોતી, કકળતી, ચીસો પાડતી પત્ની પુદ્ગલ !
છાતી -માથા કૂટતી વાળ ખેંચતી મા પુદ્ગલ !
એ શરણાઇઓ, એણે વગાડનારો પુદ્ગલ!
શોકના ગીત ગાનારીઓ પુદ્ગલ!
એ ગીત સાંભળનારાઓ પુદ્ગલ!
પુદ્ગલના અલગ અલગ પર્યાયો સિવાય આ બધુ છે જ શું ?
હોંશિયારીમાંથી હાથ નહીં કાઢનારા ઓ વૈજ્ઞાનિકો !
નવી નવી શોધખોળોનો અહંકાર પ્રદર્શિત કરનારા ઓ વૈજ્ઞાનિકો !
દુનિયાને ટચલી આંગળી પર નચાવનારા ઓ વૈજ્ઞાનિકો !

તમારું વિજ્ઞાનની દુનિયાનું સૌથી મોટું સાહસ તમે માનો છો, ચંદ્ર ઉપર તમારું ગમન ! તમે ત્યાં માણસને મોકલ્યો. એ પહોંચ્યો. એ બધાના ફોટો પણ તમે દુનિયાને બતાવ્યા. ત્યાં તમે ધ્વજ પણ લહેરાવ્યો. આખી દુનિયા તમારા આ અતિ મહાન કાર્યને જોઈને આશ્ચર્ય પામી...

અમે તો જો કે માનતા જ નથી કે તમે ચંદ્ર ઉપર ગયા છો. ચંદ્રના ભ્રમમાં તમે બીજે જ ક્યાંક પહોંચી ગયા છો, કેમકે ચંદ્ર તો વિમાન છે. ત્યાં કોઈ માટી નથી કે જેમાં પેલા તમારા માણસના પગ ખૂંપી જાય.

પણ જવા દો ને એ બાબત અત્યારે!
એટલું જ કહેશું તમને...

ત્યાં પહોંચનારા એ માણસ આખરે તો એક પુદ્ગલનો પિંડ જ ને!

અને ત્યાંથી શું લઈને આવ્યો? માટીનો પિંડ! પુદ્ગલનો  પિંડ!

શું ધાડ મારી એમાં તમે?

શું ફાયદો થયો એમાં દુનિયાને?

કેટલાના મોત કાયમ માટે અટકી ગયા?

મોતના ડર સાથે જીવનારાઓની આવી તુચ્છ સફળતાઓની કિંમત શું?

અંત આવી ગયો એ યુવાનનો.... શ્મશાનમાં સળગીને રાખ બની ગયો એ મૃતદેહ ! દરેક મુવીનો અંત પ્રાયઃ સારો જ હોય છે, હીરો-હિરોઇન એકબીજાને પરણી લે છે, અને લખવામાં આવે છે The End.

પણ એ હજારો મુવીઓમાં એમનો અંતિમ અંત સ્મશાન કેમ ન બતાવ્યો? કેમ કે તમે દુનિયાને ઠગો છો ?

એવો નિયમ કરવો જોઈએ સરકારે કે કોઈપણ મુવીમાં છેલ્લી પાંચ મિનિટ તો આ બતાવવું જ કે આ મુવીના હીરો-હિરોઇન અંતે ઘરડા થઈને કે પછી કોઈ રોગમાં ફસાઇને મરી ગયા, અને એમની લાશ શ્મશાનમાં સળગે છે. એ સળગતી ચિતાના દ્રશ્ય  સાથે જ The End શબ્દ મૂકી દેવો જોઈએ.

મારા આ વૈરાગ્યગીતમાં પણ એ યુવાન મરી ગયો, રાખ થઈ ગયો... એટલે આમ તો અંત આવી ગયો ગીતનો! પણ ના.. એક સુંદર મજાની વસ્તુ બતાવવાની છે અમારે. આ અંત તો એ પુદ્ગલના પર્યાયનો છે... એક વસ્તુ એવી છે કે એનો અંત હજી સુધી થયો નથી અને થવાનો  નથી.

જાણવી છે એ વસ્તુ ? તો સાંભળો અંતિમ શબ્દો...

***

**माटी बीच छुपा एक पंछी, जिससे कहे ये माटी (२)**
**पंछी जब निकला माटी से, माटी की कींमत माटी... (२)**
**इस पंछी को जिसने जाना, वो माटी न रही माटी...**
**भेद समझ में जिसकों आया, उसे लगे दुनिया माटी...**
**चेतन माटी के भीतर है, (२)**
**एक अमूलख छाया... माटी का भेद...**

છુપાયેલું છે એક પંખી આ માટીની ભીતરમાં... આ શરીરની અંદર...

એ પંખીને ઉપદેશ આપે છે આ બીજી એક માટી... ગુરુ સ્વરુપ પુદ્ગલ! ગુરુના દેહરુપે પરિણમેલા પુદ્ગલ ! સદ્ગુરુ કહે છે આ સંસારી જીવોને!

ઓ ભવ્યાત્માઓ ! આ પુદ્ગલોના બદલાતા રહેતા રંગ- તરંગોમાં રાગ-દ્વેષ કરીને ભાન કેમ ભૂલો છો ? આ તમારા શરીરમાં તમે ખુદ અલગ છો. તમે શરીર નથી, તમે તો શરીરમાં રહેનારા છો. તમે ઘર નથી, તમે તો ઘરમાં રહેનારા ભાડૂઆત છો...

આ તુચ્છ શરીર ઉપર શા માટે રાગ ?

કેટલું પાલન-પોષણ કરશો એનું ?

સ્નાન કોના માટે ?

નાસ્તો કોના માટે ?

દંતમંજન કોના માટે ?

કાસકો કોના માટે ?

વાળમાં તેલ કોના માટે ?

કપડાં કોના માટે ?

કપડાં ધોવાના કોના માટે ?

કપડાને ઇસ્ત્રી કોના માટે ?

બુટ-ચંપલ કોના માટે ?

પાવડર-સેન્ટ-અત્તર કોના માટે ?

ગાડી-સ્કૂટર કોના માટે ?...

આખા દિવસની તમામ પ્રવૃત્તિઓ માત્ર પુદ્ગલ માટે જ છે ને ? શરીર માટે જ છે ને ?

કેટલી કિંમત છે તમારા મનમાં આ શરીરની જરા બોલો તો ખરા ?

કોઈ તમને ઉપાડીને લઈ જાય, અને તમને છોડવાના બદલામાં ૧૦ લાખ રૂ. માંગે, તો તમે આપવા તૈયાર ને ? ઓપરેશન માટે ૪૦-૫૦ લાખનો ખર્ચ કરવો પડે, તો તમે તૈયાર ને? શરીરને ટકાવવા માટે વિદેશના ડોકટરોને બતાવવું પડે, તો તમે તૈયાર ને ?

તમે જે શરીર માટે કરોડો ખર્ચ કરવા તૈયાર છો, એ શરીરને ખરેખર કિંમત કેટલી ? જે દિવસે આમાંથી પંખી ઊડી જશે એ દિવસે શરીરની કિંમત પણ માટી જેટલી જ રહેશે. એને વહેચવા કાઢશો ને તો માટી જેટલી કિંમત પણ નહીં મળે. માટીમાંથી ઘડા તો બનશે, આ શરીરમાંથી શું બનશે? હા ! જંગલી જાનવરોને ભોજનરૂપે ખાવા માટે કામ આવશે આ શરીર ! શ્મશાનમાં રાખ બનાવવા માટે કામ આવશે આ શરીર !

આજના જમાનામાં વિજ્ઞાને કરેલી શોધના આધારે માની લઈએ કે મરેલાના શરીરના આંખ-હૃદય-કિડની વગેરે અવયવોની પણ લાખો રૂપિયાની કિંમત છે, પણ બિચારા પેલા ઊડી ગયેલા પંછીને એમાં શું લાભ ? આ તો સ્વજનને લાલચુ બનાવનારું પાપ પણ બની જાય, એક ધંધો પણ બની જાય.

ઓ મારા પ્યારા જીવો !

જાણો આ પંછીને !

કોણ છે આ દેહની અંદર છુપાયેલો પંછી ! કેવો છે એ ? એકવાર એ પંછીને જાણી લેશો ને, પછી તો તમે હમેશ માટે દેહમુક્ત બનશો. પછી દરેક ભવમાં જે નવા નવા દેહ ધારણ કરવા પડે છે, જે નવા નવા નાટકો કરવા પડે છે, એ નહીં કરવા પડે. દેહવિમુક્ત સિદ્ધપદના માલિક બનશો તમે !

ભલે અત્યારે તમે આ શરીરના સારા પર્યાયોનું દર્શન કરી કરીને પાગલ બનતા હો, પણ જે દિવસે પેલું અદ્ભૂત પંછી તમને દેખાશે, જે દિવસે એ મહાન પંખીની કિંમત તમને સમજાશે, વિશ્વાસ સાથે કહું છુ કે એ દિવસે તમને દુનિયા આખી માટી જ લાગશે, તુચ્છ જ લાગશે. પર્યાયોને બદલે માત્ર પુદ્ગલ જ દેખાશે...નીકળી જશે એમાંથી રાગભાવ !

કોણ છે એ પંછી, ખબર તો પડી ગઈ ને ?

એ છે ચેતન ! એ છે જીવ ! એ છે આત્મા !

અમૂલ્ય છે આ આત્મા પંછી !

ઓળખી લો એને, કિંમત જાણી લો એની !

સાર એટલો જ છે કે આત્માને ઓળખવો એનો મતલબ આત્માના ગુણોનો આસ્વાદ માણવો અને જ્યારે એ આત્મા ખુદ પોતાના ગુણોને ચાખે છે, ત્યારે એને પોતાને પોતાની કિંમત સમજાય છે કે ‘‘હું કેટલો સ્વાદિષ્ટ છું. મારે પુદ્ગલોના સ્વાદ માણવાની જરૂર જ ક્યાં છે?’ આ વાંચનારાઓને ભલે કદાચ વાંચતી વખતે એવો અનુભવ નહીં જ થાય, પરંતુ આ નક્કર હકીકત છે. મેં થોડોક તો અનુભવ કરેલો છે.

પ્રભુ ભક્તિ વખતે ક્યારેક પશ્ચાત્તાપથી જે આંસુ ટપક્યા...
ક્યારેક પ્રભુના ઉપકારોના સ્મરણથી જે અહોભાવ અનુભવાયો ....
ક્યારેક પ્રભુના ચરિત્ર દ્વારા એમના ગુણો અનુભવીને જે સદ્ભાવ ઉત્પન્ન થયો...
ક્યારેક જીવોના ગુણો જોઈને જે ગુણાનુરાગ અનુભવાયો,
ક્યારેક દુ:ખી જીવોને જોઈને જે કરુણાભાવના અનુભવાઇ,
ક્યારેક પોતાના ગુણોને અનુભવીને જાણીને જે હર્ષ પ્રગટ્યો,
ક્યારેક દુશ્મનોને ક્ષમા આપવામાં જે શાંતિ અનુભવાઇ,
ક્યારેક પ્રતિસ્પર્ધીઓ પ્રત્યે ઇર્ષ્યા હોવા છતાં એમની અંતરથી અનુમોદના કરવામાં જે ઉદારતા અનુભવાઇ,
ક્યારેક મનગમતાં ભોજન પદાર્થો આવવા છતાં પણ ત્યાગ કરવામાં જે મસ્તી અનુભવાઇ,
ક્યારેક રુપવતી યુવતિ પ્રત્યે પણ નિર્વિકાર ભાવનાનો જે પ્રવાહ વહેતો અનુભવાયો...
ક્યારેક ભૂલ કરનાર સહવર્તી વગેરે પ્રત્યે પણ જે માધ્યસ્થ્યભાવ અનુભવાયો...
ક્યારેક તકલીફવાળાને સહાય કરવાના પ્રચંડ ઉત્સાહમાં જે હર્ષ અનુભવાયો...
ક્યારેક જ્ઞાનની મસ્તીમાં દુનિયાની હસ્તી ભૂલી જવાનો જે આત્માનંદ અનુભવાયો...

ત્યારે ખબર પડી કે આ પંછી તો મજાનું છે... હું ખુદ જ પંછી છુ. હું તો માટીને જ માની બેઠો હતો કે ''આ દેહ એ હું ! એટલે દેહને ખુશ કરવો એ જ મારો ધર્મ ?'

હવે તો ભાણ થઈ ગયું છે મને,'' હું છુ આઝાદ પંછી ! ગગન વિહારી પંખી ! ન જોઈએ મારે આ માટી રુપી પીંજરા નું બંધન ! કરોડો કરોડો કરોડો પીંજરાઓ બદલતો ગયો હું જ પંખી ! કોઈએ મને નથી નાખ્યો બંધનમાં!

મેં જ મને બંધનમાં નાખ્યો છે. મેં જ આ પીંજરાને મારું ઘર માની લીધું છે. અરે ! ભૂલ્યો,મેં જ મારી જાતને ઓળખી ન હોવાથી

પીંજરાને હું સમજી બેઠો,''હું જ પીંજરુ!'' કેવી મૂર્ખતા કરી મેં...

કોઈ મને બંધનકર્તા નથી. ગુન્હેગાર પણ હું, જેલર પણ હું, મને જેલમાં નાખનાર પણ હું... અજ્ઞાનથી ઊભા થયા રાગ-દ્વેષના કાતિલ પરિણામો ! અને ભટકતો રહ્યો ભૂત ની જેમ એક પછી એક પીંજરામાં !

હવે તો થવું છે મારે આઝાદ ! લલકારવું છે મારે ગીત આઝાદીનું ! એક જ કામ કરવાનું છે મારે

(૧) મારા આત્માને જ જોવાનો છે.આત્માનું જ જોવાનું છે. (૨) પુદ્ગલો દેખાય તો પણ એના સારા ખરાબ પર્યાયો મારે જોવા જ નથી, માત્ર પુદ્ગલ દ્રવ્ય જ જોવું છે.

બસ ! પછી એક દિવસ આવશે... આઝાદી થશે જ...હું ક્યારે બંધાઈશ નહીં... નવા પીંજરાઓ અટકશે, છેલ્લા બે-પાંચ પીંજરાઓની સફર કરીને પંખી બનશે આઝાદ !''

કેટલી આનંદદાયક કલ્પના છે ને !

ભારતને આઝાદ કરવાની **ગાંધીજી**ની કલ્પના કરતાં તો મારી જાનને આઝાદ કરવાની મારી ભાવના કરોડગણી મહાન છે? છતાં હવે એ થશે જ, કેમ કે પંછી જાગી ગયું છે, અને અપ્રતિમ શક્તિના માલિક આ પંછીને આઝાદ થતો રોકવાની તાકાત હજી સુધી તો દુનિયામાં કોઈ જન્મી નથી અને જન્મ લેવાની પણ નથી.

મૈં આઝાદ હું...મૈં આઝાદ હું...

***હું આઝાદ છું... હું આઝાદ છું...***
***આઝાદ પંછી ! આઝાદ પંછી ! આઝાદ પંછી !***

* * *

**।। नमोऽस्तु तस्मै जिनशासनाय ।।**